સુવિચાર

''જે પાણીથી ન્હાય છે એ કપડાં બદલી શકે છે, જે પરસેવે ન્હાય છે એ ભાગ્ય બદલી શકે છે.''

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૮/૦૨/૨૦૨૬, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.








તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ ફાગણ સુદ-૧૨ વર્ષ : ૧૭ અંક : ૦૬૫


## ડિજિટલ યુગમાં દેશ વિરોધી તત્વોએ સૌને દોડતા કરી દીધા

# અમરેલીની પાસપોર્ટ કચેરીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

**પાસપોર્ટ કચેરીનાં ઉચ્ચ અધિકારીએ પોલીસ વિભાગને જાણ કરતાં યુધ્ધનાં ધોરણે તપાસ શરૂ થઈ**

**ડોગ સ્કવોર્ડ, બોમ્બ નિરોધક દળનાં કાફલાએ ઝીણવટભરી તપાસ કરી**

**સાવચેતીનાં ભાગરૂપે પાસપોર્ટ કચેરી તથા પોસ્ટ ઓફિસને ખાલી કરાવાઈ**

**અંતે કશું વાંધાજનક સામે ન આવતાં બપોરનાં ૧ કલાક બાદ રાબેતા મુજબ કામગીરી શરૂ થઈ**



અમરેલી, તા. ૨૭

અમરેલી શહેરમાં ડો. જીવરાજ મહેતા ચોક નજીક આવેલ હેડ પોસ્ટ ઓફિસમાં આવેલ પાસપોર્ટ કચેરીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી ઈ-મેઈલ મારફતે મળતા અમરેલી પોલીસ તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું હતું અને સમગ્ર પોસ્ટ ઓફિસના વિસ્તારમાં સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. જો કે કોઈ વાંધાજનક નહીં મળતાં લોકોએ રાહતનો દમ લીધો હતો.

આ બનાવમાં મળતી માહિતી મુજબ ડો. જીવરાજ મહેતા ચોક નજીક આવેલ હેડ પોસ્ટ ઓફિસમાં કાર્યરત પાસપોર્ટ ઓફિસના અધિકારીઓને કોઈ અજાણ્યા ઈસમે ઈ-મેઈલ આઈડી પરથી પાસપોર્ટ કચેરીને બોમ્બથી ઉડાવી દેવાની ચેતવણી આપવામાં આવી હતી. ધમકીભર્યો ઈ-મેઈલ મળતા જ પાસપોર્ટ કચેરીના સુપ્રિટેન્ડેન્ટ બી.એન. પટેલે તાત્કાલિક પોલીસને જાણ કરી હતી અને ઈમેઈલથી ધમકી મળ્યાની પુષ્ટિ પણ કરી હતી.

આ અંગે પોલીસને જાણ થતાં જ અમરેલી પોલીસ, ડોગ સ્ક્વોર્ડ અને બોમ્બ નિરોધક દળનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પોલીસ દ્વારા સમગ્ર કચેરી અને આસપાસના વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધરાયું

અનુસંધાન પાના ૬ ઉપર






## અરવિંદ કેજરીવાલનો નિર્દોષ છુટકારો થતાં

# અમરેલીનાં ડો. જીવરાજ મહેતા ચોકમાં ''આપ''નાં આગેવાનોએ મોં મીઠા કર્યા

**જિલ્લા પ્રમુખે ભાજપ પર કર્યા શાબ્દિક પ્રહારો**



અમરેલી, તા. ૨૭

અમરેલીના ડો. જીવરાજ મહેતા ચોક ખાતે આમ આદમી પાર્ટી દ્વારા ન્યાયાલયના ઐતિહાસિક ચુકાદાની ખુશીમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ચુકાદા દ્વારા અરવિંદ કેજરીવાલ, મનિષ સિસોદિયા સહિત "લિકર સ્કેમ"ના નામે ખોટા અને રાજકીય બદનામીના કેસોમાં જેલમાં નાંખવામાં આવેલા તમામ નેતાઓને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે.

અનુસંધાન પાના ૬ ઉપર













### એસપીની સુચનાથી એસ.ઓ.જી.ની તપાસ દરમિયાન

## અમરેલી : માંડવડાથી સનાળીયા માર્ગ ઉપર સીમમાં વાડીની ઓરડીમાંથી જામગરી બંદૂક ઝડપાઈ

### આરોપી સાયર ગોરીની અટકાયત કરવામાં આવી

અમરેલી, તા. ૨૭

અમરેલી એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પે. આર.ડી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. ટીમ એ.ટી.એસ. ચાર્ટર લગત અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય. તે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે માંડવડા ગામમાં રહેતા સાયરભાઈ કાળુભાઈ ગોરી નામનો ઈસમ માંડવડા ગામથી સનાળીયા ગામ તરફ જવાના રસ્તા ઉપર સીમમાં વાડીએ બનાવેલ ઓરડીમાં એક હાથ બનાવટની દેશી જામગીરી બંદુક રાખેલ છે. જે અનુસંધાને બાતમીવાળી જગ્યાને કોર્ડન કરી રેઈડ કરતા એક હાથ બનાવટની દેશી જામગરી બંદૂક (અગ્નિશસ્ત્ર હથિયાર) સાથે તે ઈસમને ઝડપી પાડેલ છે.



### અમરેલીની સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન કથીત મોતનાં મામલે

# સાવરકુંડલા ખાતે દેવીપુજક સમાજે મૃતક મહિલાનાં પરિવારને ન્યાય આપવાની કરી માંગ

### પરિવારજનો મહિલાનો મૃતદેહ ૮ દિવસથી સંભાળતા ન હોય તંત્રમાં દોડધામ



અમરેલી, તા. ૨૭

અમરેલીની સિવિલ હોસ્પિટલમાં ૮ દિવસ પહેલા એક દેવીપુજક મહિલાનું સારવાર દરમિયાન કથિત રીતે મોત થયાની ઘટના બન્યા બાદ પરિવારજનોએ તબીબી બેદરકારીનાં કારણે મોત થયાનો આક્ષેપ કરીને મહિલાનો મૃતદેહ સ્વીકારવામાં ના પાડીને સમગ્ર મામલે તપાસની માંગ કરેલ.

બાદમાં મૃતદેહને ભાવનગર ખાતે પેનલ પોસ્ટમોર્ટમ કરાવવામાં આવ્યું. જેનો રીપોર્ટ હજુ જાહેર થયો ન હોય મહિલાનો મૃતદેહ હજુ ભાવનગર ખાતે હોય અને આ અંગે દેવીપુજક સમાજ ન્યાયની માંગ કરી રહ્યો છે.

જે અંતર્ગત આજે સાવરકુંડલા ખાતે દેવીપુજક સમાજે મામલતદારને આવેદનપત્ર પાઠવીને ન્યાયની માંગ કરી છે.

### તપાસ એજન્સી પાસે પુરાવા નથી : કોર્ટ


## શરાબ કૌભાંડ કેસમાં અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયા નિર્દોષ જાહેર


### કોર્ટે નોંધ્યું કે જ્યારે બંધારણીય પદ પર બેઠેલી વ્યક્તિ પર ગંભીર આરોપો લગાવવામાં આવે, ત્યારે તેને સાબિત કરવા માટે મજબૂત સામગ્રી હોવી જરૂરી

નવી દિલ્હી, તા. ૨૭

દિલ્હીની બહુચર્ચિત દારૂ નીતિ સાથે જોડાયેલા મામલે રાઉઝ એવન્યુ કોર્ટે મોટો ચુકાદો આપ્યો છે. કોર્ટે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયાને આરોપોમાંથી મુક્ત કર્યા છે. કોર્ટ તરફથી બંનેને મોટી રાહત અને ક્લિનચીટ મળી છે. કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું કે, માત્ર દાવાઓ કરવાથી કામ નહીં ચાલે. કોર્ટ કોઈ પણ આરોપ પર ત્યારે જ ભરોસો કરી શકે જ્યારે તેની સાથે નક્કર અને પૂરતા પુરાવા હોય. કોર્ટે અવલોકન કર્યું કે તપાસ એજન્સી દ્વારા રજૂ કરવામાં આવેલા પુરાવા નબળા અને અપૂરતા છે.

કોર્ટે સૌથી પહેલા આબકારી વિભાગના પૂર્વ કમિશ્નર કુલદીપ સિંહને નિર્દોષ જાહેર કર્યા હતા. ત્યારબાદ મનીષ સિસોદિયાને રાહત આપવામાં આવી અને છેલ્લે અરવિંદ કેજરીવાલને પણ નિર્દોષ જાહેર કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. કોર્ટે કહ્યું કે, દાખલ કરવામાં આવેલી ચાર્જશીટમાં અનેક ખામીઓ હતી અને એવા ઘણા મુદ્દાઓ છે જેના પર તપાસ એજન્સી સંતોષકારક જવાબ આપી શકી નથી. કોર્ટે નોંધ્યું કે, જ્યારે બંધારણીય પદ પર બેઠેલી વ્યક્તિ પર ગંભીર આરોપો લગાવવામાં આવે, ત્યારે તેને સાબિત કરવા માટે મજબૂત સામગ્રી હોવી જરૂરી છે. માત્ર આરોપોના આધારે કેસ ચલાવી શકાય નહીં.





કોર્ટે ક્લીનચીટ આપ્યા બાદ અરવિંદ કેજરીવાલે કહ્યું કે, અમે હંમેશા કહેતા હતા કે સત્યની જીત થશે અને અમને ન્યાયતંત્ર પર ભરોસો હતો. હું હંમેશા કહેતો હતો કે ભગવાન અમારી સાથે છે." સ્મોદી અને ગૃહ મંત્રી અમિત શાહે મળીને આમ આદમી પાર્ટીને ખતમ કરવા માટે કાવતરું રચ્યું. ૫ મોટા નેતાઓ પર ખોટા આરોપો લગાવાયા. અમારા ડેપ્યુટી ઝસ્ને બે વર્ષ સુધી જેલમાં રાખ્યા.જો કે, સીબીઆઈએ જણાવ્યું છે કે, તેઓ આ આદેશથી સંતુષ્ટ નથી અને તેને હાઈકોર્ટમાં પડકારશે. સીબીઆઈના વકીલોએ સંકેત આપ્યો છે કે ચુકાદાનો વિગતવાર અભ્યાસ કર્યા બાદ ઉપલી અદાલતમાં અપીલ દાખલ કરાશે. કોર્ટની ટિપ્પણીથી તે સ્પષ્ટ થયું કે દાખલ કરવામાં આવેલી ચાર્જશીટમાં ઘણી ખામીઓ હતી. કોર્ટે કહ્યું કે ઘણા એવા બિંદુ છે જેના પર સંતોષજનક જવાબ આપવામાં આવ્યો નહીં. આ આધારે રાહત આપવામાં આવી છે.પરંતુ તપાસ એજન્સીનું કહેવું છે કે તે આ આદેશથી સંતુષ્ટ નથી અને તેને હાઈકોર્ટમાં પડકારશે. સીબીઆઈના વકીલો તરફથી સંકેત આપવામાં આવ્યો કે આદેશનો વિસ્તૃત અભ્યાસ કર્યા બાદ ઉપરી અદાલતમાં અરજી કરવામાં આવશે. આ મામલો ૨૦૨૨-૨૦૨૩ની દિલ્હી એક્સાઈઝ પોલિસી સાથે જોડાયેલો છે. તે આધાર પર સીબીઆઈએ કેસ દાખલ કર્યો અને બાદમાં ઈડીએ પણ મની લોન્ડ્રિંગનો કેસ દાખલ કર્યો હતો. આમ આદમી પાર્ટીના ઘણા નેતા આ કેસમાં જેલમાં ગયા હતા. ઘણીવાર જામીન અરજીઓ નકારવામાં આવી અને બાદમાં જામીન મળ્યા હતા. શુક્રવારે દિલ્હીની રાઉઝ એવેન્યુ કોર્ટે કહ્યું કે પ્રથમ દ્રષ્ટિએ સીબીઆઈની ચાર્જશીટના આધાર પર અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયા વિરુદ્ધ મામલો બનતો નથી. કોર્ટે ચાર્જશીટને નબળી ગણાવતા રાહત આપી છે.


ઉલ્લેખનીય છે કે, આ મામલો ૨૦૨૨-૨૩ની દિલ્હી એક્સાઈઝ પોલિસી (દારૂ નીતિ) સાથે જોડાયેલો છે. આ મામલે સીબીઆઈએ કેસ નોંધ્યો હતો અને બાદમાં ઈડી(ED)એ મની લોન્ડરિંગના આરોપમાં તપાસ શરુ કરી હતી. આમ આદમી પાર્ટીના અનેક નેતાઓ આ કેસમાં જેલમાં ગયા હતા અને ઘણી વખત તેમની જામીન અરજીઓ ફગાવી દેવામાં આવી હતી. શુક્રવારે રાઉઝ એવન્યુ કોર્ટે સ્પષ્ટ કર્યું કે, પ્રથમ દષ્ટિએ સીબીઆઈની ચાર્જશીટના આધારે કેજરીવાલ અને સિસોદિયા વિરુદ્ધ કેસ બનતો નથી. આ ચુકાદો આમ આદમી પાર્ટી માટે અત્યાર સુધીની સૌથી મોટી રાહત માનવામાં આવી રહી છે.

### ગીરની પવિત્ર ગોદમાં ગૌસેવા અને ભકિતનો મહાકુંભ

## ગઢીયા ગીરના આંગણે આજે 'સંતવાણી'ની જમાવટ

### મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડશે





ચલાલા, તા. ૨૭

સૌરાષ્ટ્રની સંસ્કારી ધરતી અને ગીરના પ્રાકૃતિક સૌંદર્ય વચ્ચે વસેલા ધારી તાલુકાના ગઢીયા ગીર મુકામે આજે ભક્તિ, શક્તિ અને સેવાનો એક અદભૂત ત્રિવેણી સંગમ રચાવા જઈ રહ્યો છે. પરમ પૂજય દાન મહારાજની દિવ્ય ચેતનાથી મહેકતા આ પવિત્ર ધામમાં શનિવારના રોજ એક 'ભવ્ય સંતવાણી' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે, જેને લઈને સમગ્ર પંથકના ધર્મપ્રેમી જનતામાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. કુદરતના અત્યંત મનોહર અને શાંત વાતાવરણમાં સ્થિત આ આશ્રમ માત્ર આધ્યાત્મિક કેન્દ્ર જ નહીં, પરંતુ ગૌસેવાનું જીવંત ધામ પણ છે. અહીં કાર્યરત 'દાન ગેબી ગૌશાળા'માં ગૌમાતાની અત્યંત નિષ્ઠા અને પ્રેમપૂર્વક સેવા–ચાકરી કરવામાં આવે છે, જે આ પવિત્ર ભૂમિની સાચી ઓળખ અને વિશેષતા છે.

આ આધ્યાત્મિક મહોત્સવના મુખ્ય પ્રેરણાસ્ત્રોત અને આશ્રમના ગાદીપતિ મહંત હર્ષદબાપુ ભગત છે, જેઓ પોતાના અત્યંત પરોપકારી, માયાળુ અને સેવાભાવી સ્વભાવ માટે ભકતોના હૃદયમાં વિશેષ સ્થાન ધરાવે છે. તેમના માર્ગદર્શન હેઠળ આયોજિત આ ભજન સંધ્યામાં સંતવાણીના નામી કલાકારો પોતાની સુરાવલીઓ રેલાવશે. જેમાં મહંત હર્ષદબાપુ ભગતની પાવન નિશ્રામાં ધીરજ બારોટ, યશ્રીબા વાળા, કપિલબાપુ દેવમુરારી, ભરતભાઈ ખવડ અને ઉમંગ પ્રજાપતિ જેવા નામાંકિત કલાકારો ગીરની ધરા પર ભજન, સંતવાણી અને દુહા–છંદની રમઝટ બોલાવી શ્રોતાઓને ભકિતરસમાં તરબોળ કરશે. આ કાર્યક્રમમાં સંગીતનો સથવારો ધાર્મિક ગજ્જર એન્ડ ગ્રુપ આપશે, જયારે ભગવતી સાઉન્ડના સથવારે સમગ્ર રાત્રિ દરમિયાન સૂરોનો સંગમ જામશે.

ગૌસેવા અને માનવતાના આ ઉમદા કાર્યને વેગ આપવા માટે મહંત હર્ષદબાપુ ભગત દ્વારા તમામ ધર્મપ્રેમી જનતાને આ ભકિતમય પર્વમાં સહભાગી થવા હૃદયપૂર્વક ભાવભીનું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, આ સમગ્ર કાર્યક્રમનું જીવંત પ્રસારણ 'એ વી પી ન્યુઝ લાઈવ યુ ટયુબ' ચેનલ પર પણ નિહાળી શકાશે, જેથી દેશ–વિદેશમાં વસતા શ્રદ્ધાળુઓ પણ આ દિવ્ય માહોલનો આનંદ માણી શકશે. ગીરના ખોળે રચાનારા આ ભક્તિના મહાપર્વને લઈને સમગ્ર જિલ્લામાં હરખની હેલી જોવા મળી રહી છે અને મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડે તેવી શક્યતા છે.

## અમરેલીમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે કાયદાકીય જાગૃતિ સેમિનાર યોજાયો

અમરેલી, તા. ૨૭

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જુકૃયુ, અમરેલી, પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, જુકૃયુ, અમરેલી તથા જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, અમરેલીના સંયુકત ઉપક્રમે કામકાજના સ્થળે મહિલાઓની થતી જાતિય સતામણી અટકાયત અધિનિયમ–૨૦૧૩ અન્વયે કાયદાકીય જાગૃતિ સેમીનાર તા. ૨૭/૨/૨૦૨૬ના રોજ કેવીકેના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. મીનાક્ષી કે. બારીયાના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમમાં જીલ્લા મહિલા બાળ અધિકારી શૈલેશભાઈ કણઝરીયા, એડવોકેટ જાગૃતિબેન જોષી તથા કેવીકેના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. મીનાક્ષી કે. બારીયા, ડો. નેહા તિવારી, ડો.`તા એ. પટેલ, ડો. કૃતિકા એસ. પટેલ, પ્રો. અંજલી કાછડીયા તથા જીલ્લા મહિલા બાળ અધિકારીની કચેરીનોં અન્ય સ્ટાફ, ૫૯ જેટલી વિદ્યાર્થીનીઓ અને ૪૨ જેટલી મહિલાઓ ઉપસ્થિત રહ્યા. આ કાર્યક્રમના શાબ્દિક સ્વાગતમાં ડો. મિનાક્ષી કે. બારીયાએ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરીની તેમજ જાતીય સતામણી અને મહિલા વિકાસ સેલની કામગીરી વિશે અવગત કરવામાં આવ્યા. ત્યારબાદ કામકાજના સ્થળે મહિલાઓની થતી જાતિય સતામણી અટકાયત અધિનિયમ–૨૦૧૩ અન્વયે કાયદાકીય જાગૃતિની પ્રાથમિક માહિતી અને વિસ્તૃત સમજ જીલ્લા મહિલા બાળ અધિકારી શૈલેશભાઈ કણઝરીયા દ્વારા આપવામાં આવી. એડવોકેટ જાગૃતિબેન જોષીએ મહિલા અને બાળ અધિકારીની યોજનાઓ તથા સખી વન સ્ટોપ અને નારી અદાલતની માહિતી અન્ય કલમો વિશે માહિતી આપી. જેન્ડર સ્પેશીયાલીસ્ટ કૃણાલભાઈ ધારૈયા દ્વારા આભારવિધિ કરી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો.






## ચલાલાના આંગણે આજે સ્વદેશી મેળાનું આયોજન



ચલાલા, તા. ૨૭

આપણી માટીની સુગંધ, આપણા કારીગરોની અજોડ કલા અને 'સ્વદેશી' ભાવના જયારે એક મંચ પર એકઠા થાય ત્યારે પ્રગતિના નવા દ્વાર ખુલે છે. ચલાલા નગરપાલિકા દ્વારા આવતી કાલે શનિવારે 'વોકલ ફોર લોકલ' અને 'સર્જનથી સમૃદ્ધિ સુધીના ઉમદા મંત્રને સાર્થક કરવા માટે 'સ્વદેશી મેળા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ મેળો માત્ર ખરીદીનું માધ્યમ નથી, પરંતુ આપણા પંથકના નાના અને મધ્યમકક્ષાના કુશળ કારીગરોની મહેનતને સન્માન આપી તેમને આર્થિક રીતે સદ્ધર બનાવવાનું એક પવિત્ર અભિયાન છે.

# અમરેલીમાં અદ્યતન જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર બનશે જિજ્ઞાસાથી જ્ઞાન સુધીનું પ્રેરણાધામ




ભારતમાં દર વર્ષે તા. ૨૮ ફેબ્રુઆરીના રોજ 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસનું મહત્વ ભારતીય મહાન વૈજ્ઞાનિક ડો. સી.વી. રામન દ્વારા વર્ષ ૧૯૨૮માં કરવામાં આવેલ 'રામન ઈફેક્ટ'ની શોધ સાથે જોડાયેલું છે. આ દિવસનો મુખ્ય હેતુ સમાજમાં વૈજ્ઞાનિક દષ્ટિકોણ વિકસાવવાનો, યુવાનોમાં સંશોધન પ્રત્યે રસ જગાડવાનો અને વિજ્ઞાનના મહત્વ અંગે જાગૃત્તિ લાવવાનો છે. આ સંદર્ભમાં અમરેલી જિલ્લાના લાઠી રોડ સ્થિત કે.કે. પારેખ ટેક્નિકલ ગ્રાઉન્ડ ખાતે નિર્માણ પામી રહેલું અદ્યતન જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર જિલ્લાવાસીઓ માટે ગૌરવની બાબત છે. આ વિજ્ઞાન કેન્દ્ર અમરેલી જિલ્લામાં વિજ્ઞાનના અજવાળે ઉજ્જવળ ભવિષ્યનો પાયો નાખશે. ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ અને ટેકનોલોજી (ગુજકોસ્ટ), ડી.એસ.ટી., દ્વારા અંદાજે રૂ. ૨૧ કરોડના ખર્ચે આ વિજ્ઞાન કેન્દ્ર વિકસાવવામાં આવી રહ્યું છે. આ જિલ્લા વિજ્ઞાન કેન્દ્રનો હાલ રાજયના ઊર્જા અને કાયદો તેમજ ન્યાય વૈધાનિક અને સંસદીય બાબતોના રાજયમંત્રી અને તત્કાલિન વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાના હસ્તે વિકાસ સપ્તાહ અંતર્ગત ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ વિજ્ઞાન કેન્દ્રમાં વિજ્ઞાનના વિવિધ ક્ષેત્રોને આવરી લેતી ત્રણ મુખ્ય ગેલેરીની વ્યવસ્થા રહેશે. પ્રાદેશિક ગેલેરીમાં ગીર જંગલ, એશિયાટીક સિંહ, બાયોકોસ્ટિક્સ અને વન્યજીવન આનુવંશિકતા વિશે માહિતી મળશે. એપ્લાઈડ એન્ડ સ્ટેમ ગેલેરીમાં ડીએનએ હેલિક્સ, મોલેક્યુલર બાયોલોજી, ખોરાક અને કૃષિ સંબંધિત વૈજ્ઞાનિક માહિતી રજૂ કરવામાં આવશે. જયારે સામાન્ય વિજ્ઞાન ગેલેરીમાં ભૌતિકશાસ્ત્રના વિવિધ પ્રયોગો, ક્વોન્ટમ ડેમો અને કાર્બન ફૂટપ્રિન્ટ સીમ્યુલેટર જેવા આધુનિક પ્રદર્શન વિદ્યાર્થીઓ માટે વિશેષ આકર્ષણ બનશે. આ ઉપરાંત, વિજ્ઞાન કેન્દ્રમાં પ્લેનેટોરિયમ, ઓડિટોરીયમ, ડિસ્કવરી સેન્ટર અને ફૂડ કોર્ટ જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ રહેશે. પ્લેનેટોરિયમ દ્વારા વિદ્યાર્થીઓને અવકાશ વિજ્ઞાન અંગે જીવંત અનુભવ મળશે, જયારે ડિસ્કવરી સેન્ટર દ્વારા તેઓ પ્રયોગાત્મક રીતે વિજ્ઞાનને સમજી શકશે. આ અંગે જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્રના ડાયરેક્ટર નિલેશ પાઠકે જણાવ્યું હતું કે, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) દ્વારા વર્ષ ૨૦૦૦થી અમરેલી જિલ્લામાં લોક વિજ્ઞાન કેન્દ્ર કાર્યરત છે, જેના માધ્યમથી ગ્રામ્ય વિસ્તારો સુધી વિજ્ઞાનનો પ્રચાર–પ્રસાર કરી બાળ કો–વિદ્યાર્થીઓ અને લોકોની વિજ્ઞાન પ્રત્યે અભિરૂચી વધે તેવું કામ કરવામાં આવી રહ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું કે, નિર્માણાધિન ડિસ્ટ્રીક્ટ સાયન્સ સેન્ટર આગામી દિવસોમાં અમરેલી જિલ્લામાં વિજ્ઞાન અને તેને સંબંધિત પ્રવૃત્તિઓ, જી.આઈ ટેગ, સંશોધન, વિજ્ઞાનને લગતી બાબતોનું પ્રેરણાધામ બનશે. જિલ્લા કક્ષાના આ કેન્દ્રથી લોકો જીજ્ઞાસાથી જ્ઞાન સુધીની સફર કેળવી શકશે. આ કેન્દ્ર વિદ્યાર્થીઓ અને યુવાનો માટે જ્ઞાન, સંશોધન અને નવીનતાનું પ્રેરણાસ્થાન બનશે. સાથે સાથે, આ વિજ્ઞાન કેન્દ્ર પરંપરાગત જ્ઞાન અને આધુનિક ટેક્નોલોજી વચ્ચે સેતુરૂપ બનીને આગામી પેઢીમાં વૈજ્ઞાનિક વિચારસરણી વિકસાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે. રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ આપણને વિજ્ઞાનના મહત્વને સમજવાની અને વૈજ્ઞાનિક દષ્ટિકોણ અપનાવવાની પ્રેરણા આપે છે. અમરેલીમાં આકાર પામી રહેલું જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર આ દિશામાં એક મહત્વપૂર્ણ મીલનો પથ્થર સાબિત થશે.

## વિપક્ષી ધારાસભ્ય અમિત ચાવડાએ સરકારની પોલ ખોલી

# લ્યો બોલો : ગુજરાતનાં બજેટ કરતાં વધારે ૪ લાખ ૩૦ હજાર કરોડનું દેવું

### ભાજપ સરકારે યુવાનોનાં સપના સાથે મજાક કરી હોવાનો કર્યો આક્ષેપ



અમદાવાદ, તા. ૨૭

વિધાનસભામાં અંદાજ પત્ર પર ચર્ચા દરમિયા અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, બેજટ આંકડાઓની માયાજાળ છે. ભાજપ સરકારના શાસનમાં કુલ બજેટ કરતા દેવું વધારે છે. ગુજરાત માથે ૪ લાખ ૩૦ હજાર કરોડનું દેવું છે. આ બજેટ ગુજરાતની પ્રજાના પરસેવાના ટેકસના પૈસાથી બન્યું છે ત્યારે આ બજેટે જનતાની આશા અપેક્ષા ઠગારી નીવડી છે. ભાજપ સરકારે યુવાનોના સપના સાથે મજાક કરી હોય તેવી જાહેરાતો બજેટમાં કરવામાં આવી છે. બજેટની ચોપડીમાં જ્ઞાનની વ્યાખ્યા કરવામાં આવી છે. જ્ઞાન સામે વાસ્તવિકતા જોઈએ તો બજેટમાં ગરીબો માટે આશા નથી, યુવાઓ માટે દિશા નથી, અન્નદાતાઓ માટે ન્યાય નથી અને મહિલાઓ માટે સુરક્ષાની પણ કોઈ વાત નથી.

### બજેટમાં ખેડૂતોનાં દેવા માફ ન થયા, મોંઘવારી ઘટાડવા, સરકારી ભરતીનો કોઈ ઉલ્લેખ નહી

ગુજરાતના ખેડૂતો કુદરતી આફતો, કમોસમી વરસાદ અને બજાર ભાવના અભાવે હેરાન-પરેશાન છે. અનેક ખેડૂત આર્થિક સંકટમાં ડૂબેલા છે, આત્મહત્યાની ઘટનાઓ બનતી રહી છે, છતાં ખેડૂતોના સંપૂર્ણ દેવા માફીની સરકારે એક પણ જાહેરાત બજેટમાં કરવામાં આવી નથી. પાક વીમા યોજના રાજય સરકાર દ્વારા અમલમાં લાવવાની માંગ વારંવાર ઉઠી છે, છતાં બજેટમાં એ મુદ્દે મૌન ધારણ કરવામાં આવ્યું છે. મહિલાઓ માટે મોંઘવારીમાંથી રાહતની કોઈ જાહેરાત નથી. મહિલા અને બાળ વિકાસ માટેનો વધારો પણ નગણ્ય છે, જે મહિલાઓની અપેક્ષાઓ પર પાણી ફેરવે છે. યુવાનો અને કામદારો માટે પણ આ બજેટ નિરાશાજનક છે. મનરેગા કામદારોના વેતન વધારો, અસંગઠિતક્ષેત્રના લઘુત્તમ વેતનમાં સુધારો કે ફિકસ-પે અને કોન્ટ્રાકટ પ્રથા નાબૂદ કરવાની કોઈ જાહેરાત કરવામાં આવી નથી. આશા વર્કર, આંગણવાડી બહેનો, મધ્યાહન ભોજનના કર્મચારીઓ લાંબા સમયથી સમાન કામ-સમાન વેતનની માંગ કરી રહ્યા છે, પરંતુ તેમની આશાઓને ફરી એકવાર અવગણવામાં આવી છે. ઓલ્ડ પેન્શન સ્કીમ (ઓપીએસ)ની માંગ પર પણ સરકાર મૌન છે.

### દેશનાં ૧૨ રાજયોમાં લાડલી બહેન યોજના અને ગુજરાતની મહિલાઓને અન્યાય

મોંઘવારીનો માર સહન કરતી ગુજરાતની ગૃહિણીઓને આજુબાજુના રાજયોની જેમ રૂા. ૫૦૦માં ગેસની બોટલ મળશે તેવી અપેક્ષા હતી. પરંતુ ૧૫૬ સીટ જીતાડીને ભાજપ સરકાર મોંઘવારીમાંથી રાહત આપશે, રૂા. ૫૦૦માં ગેસની બોટલ આપશે પણ બજેટમાં કોઈ રાહત આપવામાં ન આવી. પ્રધાનમંત્રી જ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે કહેતા હતા કે, મારી બહેનોને કંઈ તકલીફ પડે તો પોસ્ટકાર્ડ લખજો પણ ગુજરાતની બહેનો જયારે બીજા રાજયોના બજેટ જોવે અને ત્યાંના બજેટમાં લાડલી બેન યોજનાઓ થકી મહિલાઓને માસિક સીધા કેશ ટ્રાન્સફર થાય છે તો ગુજરાતની જ બહેનો સાથે સરકારનું ઓરમાયું વર્તન કેમ? ગુજરાતની બહેનો જ કેમ અળખામણી?

એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. અને માઈનોરિટી સમાજ માટે કાર્યરત વિવિધ બોર્ડ નિગમોની વસ્તીના પ્રમાણમાં ખૂબ ઓછું બજેટ ફાળવવામાં આવ્યું છે. સૌથી વધારે રોજગારી આપતો એમએસએમઈ લઘુ, મધ્યમ ઉદ્યોગો છે. આ સેકટર સાથે જોડાયેલા લોકોને અપેક્ષા હતી કે, મોટા ઉદ્યોગોની સરખામણીમાં વીજળીમાં રાહત મળશે, ટેકસમાં રાહત મળશે, જમીનો સસ્તી મળશે,

### બજેટ વિકસિત ગુજરાતનો દસ્તાવેજ નથી, પણ બજેટ દેવા અને દેખાવનો દસ્તાવેજ

પણ એવી કોઈપણ વાત આ બજેટમાં જોવા ના મળી. કુપોષણ માટે વર્ષોથી બજેટ ફાળવાય છે પણ કુપોષણમાં ગુજરાતનું આખા દેશમાં સ્થાન કયાં છે ? સોશ્યલ વેલફેર ન્યૂટ્રીશન માટે એવરેજ આઠ ટકા બજેટ ફાળવવાની વાત છે પરંતુ ગુજરાતમાં ચાર ટકા જ ફાળવાઈ છે.

---

### ‘પટેલ એગ્રો દોરીવાલા’ નામની બનાવટી એડ કરીને

## સાવરકુંડલાનાં વંડા ગામનાં વેપારી સાથે રૂપિયા ૧૬૨૫૦ની ઠગાઈ કરવામાં આવી

અમરેલી, તા. ૨૭

કોઈ અજાણ્યા આરોપીએ પોતાના મોબાઈલ નં. ૮૨૦૦૩ ૨૦૪૩૮નાં ઈન્સ્ટાગ્રામમાં ઠગાઈ કરવાના ઈરાદે પટેલ એગ્રો દોરીવાલા નામની એડ મુકેલ હતી. જે એડમાં દર્શાવેલ મો. નં. ૮૨૦૦૩ ૨૦૪૩૮ ઉપર સાવરકુંડલા તાલુકાના વંડા ગામે હનુમાનપરામાં રહેતાં ગુલામઅહેમદ શાહબુદીનભાઈ ખદરાણી નામનાં વેપારીએ ગત તા. ૨૩/૧ના રોજ ફોન કરતાં આ કામના અજાણ્યા આરોપીએ પટેલ એગ્રોના નામે વેપારી સાથે વાત કરતાં વેપારીએ ઝટકા મશીનની દોરી ૫૦ કિ.ગ્રા તથા એફઆરપી સ્ટીક ૧૦૦ કિલોગ્રામનો ઓર્ડર આ અજાણ્યા આરોપીને આપેલ હતો અને જેની કિંમત રૂપિયા ૧૬,૨૫૦ થતાં હોવાનું આરોપીએ જણાવેલ. જેથી આ વંડા ગામનાં વેપારીએ આરોપીએ પોતાના મોબાઈલ નંબર ૮૨૦૦૩ ૨૦૪૩૮ ઉપરથી મોકલેલ સ્કેનર ઉપર ફોન-પે કરી અજાણ્યા વેપારીને પૈસા ચુકવી આપેલ હતાં અને આ સામાન વેપારીને બીજા દિવસે જલારામ ટ્રાન્સપોર્ટ સાવરકુંડલા અમરેલી મળી જાશે તેવું આરોપીએ જણાવેલ હતું. પરંતુ ઉપરોકત મંગાવેલ સામાન વેપારીને આજદિન સુધી નહીં મોકલેલ અને મો. નં. ૮૨૦૦૩ ૨૦૪૩૮વાળાએ ઠગાઈ કરવાના ઈરાદે પટેલ એગ્રો દોરીવાલાના ખોટા નામે સોશ્યલ મીડિયામાં જાહેરાત મુકી વેપારી સાથે ખોટા નામે વાત કરી મંગાવેલ ઝટકા મશીનનો સામાનના રૂપિયા ૧૬,૨૫૦ ઠગાઈ કરી પડાવી લીધાની વેપારીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

---

### શરૂઆતમાં બોલાચાલી બાદ ઝપાઝપી

## ખાંભાનાં પોલીસ કર્મીને ડેડાણ ગામનાં ૪ ઈસમોએ ઢીકાપાટુનો માર માર્યો

### ફરજમાં રૂકાવટ કરી માર માર્યાની ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા. ૨૭

ખાંભા પોલીસ સ્ટેશનમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા પોલીસ કર્મીની ડેડાણ ગામે રહેતા ચાર જેટલા ઈસમોએ કાયદેસરની ફરજમાં રૂકાવટ ઊભી કરી. પોલીસ સાથે બોલાચાલી તેમજ ઝપાઝપી કરી પોલીસને ઢીકાપાટુનો મુંઢ માર મારી પોલીસનાં યુનિફોર્મના શર્ટનું ઉપરનું બટન તોડી નાખી, પોલીસને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવમાં ખાંભા પોલીસ સ્ટેશનમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા ફારૂકભાઈ ગુલાબભાઈ પઠાણ ગત તા. ૨૬ના રોજ બપોરનાં ૧:૧૫ વાગ્યે ડેડાણ ગામે આવેલ સરકારી માધ્યમિક શાળા ખાતે પોતાની કાયદેસરની ફરજ ઉપર હતા. ત્યારે તે ગામે રહેતા સાગરભાઈ હિંમતભાઈ મકવાણા, હિતેષભાઈ છગનભાઈ ડાભી તથા અમીતભાઈ રવજીભાઈ મકવાણા નામનાં આરોપી તેમના હવાલાવાળું મોટર સાયકલ લઈ આવી પોલીસ કર્મીની કાયદેસરની ફરજમાં રૂકાવટ ઊભી કરી પોલીસ સાથે બોલાચાલી તેમજ ઝપાઝપી કરી પોલીસને ઢીકાપાટુનો મુંઢમાર મારી પોલીસનાં યુનિફોર્મનાં શર્ટનું ઉપરનું બટન તોડી નાખી, પોલીસને જાનથી મારી નાખવાની ધમકી આપી હાથનાં નખ મારી ઈજા કરી તથા આરોપી જગદિશભાઈ ભાણાભાઈ મકવાણાએ પણ બિભત્સ શબ્દોમાં ગાળો આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.


રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
50 MBPS ૧૨ મહિના ઈન્સ્ટોલેશન ફ્રી રૂ. 6500
WITH OTT 50 MBPS ૧૨ મહિના ઈન્સ્ટોલેશન ફ્રી રૂ. 7500
MTL INTERNET
ONU FREE TO USE
MAHAJAN TELNET LLP.
પહેલા માળે, વ્હાઈટ હાઉસ, બસ સ્ટેન્ડ સામે, અમરેલી.
95 86 96 16 01

શું તમે હરસ.મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો.સહન ન કરો.સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા
BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
નાસુર Pilo nidal sinus ની સારવાર
ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
મૂત્રમાર્ગ તથા પિતાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ 20000+ દર્દીઓની તપાસ 3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

HONDA
Holi Special Offer
DISCOUNT 6500 | DISCOUNT 4000 | DISCOUNT 3500 | DISCOUNT 3500 | DISCOUNT 5000
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.
ફોન નં. ૦૨૭૯૨-૨૨૬૨૦૧-૦૨, મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

MARUTI SUZUKI ARENA
CELEBRATE NEW YEAR WITH AMAZING PRICES.
DZIRE
Happy New Year 2026
₹6.26 LAKH*
S-CNG
મારૂતિ સુઝુકી ઓથોરાઈઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
Alpha Autolink
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

YAMAHA Revs Your Heart
BOOK NOW TO AVOID FESTIVE RUSH
PRICED NOW AT ₹1,45,190 ₹1,33,132 THANK YOU, GST!
GST BENEFIT ₹12,058* + INSURANCE BENEFIT UP TO ₹6,501*
FZ-S Fi HYBRID
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ
ખમણ હાજરમાં મળશે.
ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે.લીલીયા રોડ.અમરેલી.

Hero
नए रिश्तों की शुरूआत, हीरो पे सवार.
GLAMOUR X Exchange Offer ₹2500*
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

# જુનો ફોન કયારે બદલવો જોઈએ ને નવો ફોન કયારે ખરીદવો જોઈએ

## પગદંડી/લેખન



– પ્રિન્સી./ટ્રસ્ટીશ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )

આ પ્રશ્ન એટલો વિકટને ખેચી દો છે કે એનો જવાબ કોઈની પાસે નહિ હોય. બસ મન થયું ને મોબાઈલ ખરીદી લીધો કોઈ કંપની નવું વર્ઝન બજારમાં મુકયુ નથી. ને ખમતી ધર લોકો કે માતાપિતાના પૈસે તાગધન્ના કરવાવાળા યુવાનો નવો ફોન ખરીદી લે છે એને એની કિંમત સાથે કોઈ લેવા દેવા હોતી નથી. પછી તે ૫૦ હજારનો છે કે લાખનો ને હોય તે પણ સમાજમાં સિકકો પાડવા આવુ ખરીદાતુ હોય છે માત્ર ફોન જ નહિ એશો આરામની વસ્તુઓ પણ મોં માંગ્યા દામમાં ખરીદાતા હોય છે. પણ જે હોય તે અત્યારે વાત કરવી છે નવો ફોન કયારે ખરીદવો.

ટેકનોલોજી નવા ફાયર્સ, નવી ડીઝાઈન, લુક વિગેરેને ધ્યાનમાં રાખી હર્ષ મેસવાણીયા આ બાબતે યોગ્ય સલાહ આપે છે. ટેકનોલોજીને ધ્યાનમાં રાખીને એમનો વિચારો સાવ નાંખી દીધા જેવા નથી. આ લેખ વાંચ્યા પછી સમજાશે કે હર્ષભાઈની વાત તો સાચી છે. માત્ર વાદે વાદે ચણા ઉપડવા હાલી નો નીકળાય નાહકનાં અટાઈ જવાય આવો આગળ વધીએ.દિવાળીના તહેવારોમાં ભારતીયો સૌથી વધુ ખર્ચ કરે છે. ઘરની સાફ–સફાઈના સાધનોથી લઈને હોમ અપ્લાયન્સિસ, કપડાં, જૂતાં સહિત કંઈ કેટલીય ખરીદી દિવાળી પહેલાં થાય છે. દિવાળીના તહેવારોમાં ભારતીયોની ખરીદ શકિત વધી જાય છે અને તે જોઈને ઈ–કામર્સ કંપનીઓ પણ માતબર આફર્સ લઈને



આવે છે. દિવાળી પહેલાં વેચાતી ચીજવસ્તુઓના ભાવમાં ૨૫થી ૫૦ ટકા સુધીનો ફરક પડે છે અને ભારતીયો તેનો ભરપૂર લાભ ઉઠાવે છે. એમાં સેથી પાપ્યુલર શાપિંગ હોય છે મોબાઈલનું.અનેક લોકોએ દિવાળીમાં નવો ફોન લીધો હશે. કેટલાક લોકોએ જૂના ફોનમાં આનલાઈન એક્સચેન્જ આફર મેળવી હશે, તો અમુક લોકોએ જૂના ફોનને વેચવાની ચિંતા કર્યા વગર ઈએમઆઈથી કે પછી વન ટાઈમ પેમેન્ટથી નવો ફોન ખરીદી લીધો હશે. ગુજરાતમાં નવું વર્ષ એટલે જૂની ચીજવસ્તુઓનો નિકાલને નવી ચીજવસ્તુઓનો સ્વીકાર. એ હિસાબે જૂના ફોનને વિદાય આપીને કેટલાય લોકો નવા ફોનની બદલાયેલી સિસ્ટમ સમજવામાં પડ્યા હશે. મહવનો સવાલ એ છે કે જૂનો ફોન ખરેખર ક્યારે બદલવો જોઈએ ?

આ સવાલનો આમ તો કોઈ જવાબ ન હોઈ શકે. ગજવામાં બજેટ હોય તો ગમે ત્યારે મોબાઈલ ખરીદી શકાય. અમુક લોકો દર છ મહિને મોબાઈલ બદલી નાખતા હોય છે, તો અમુક લોકો વર્ષે નવો મોબાઈલ ખરીદી લે છે. ઘણા તો ત્રણ જ મહિનામાં કોઈ કંપનીના છેલ્લામાં છેલ્લા મોડલથી પ્રભાવિત થઈને પોતાનો જૂનો ફોન ખોટ ખાઈનેય વેચી નાખે છે ને નવો મોબાઈલ ખરીદે છે. આ બધાથી અલગ અમુક લોકો એકનો એક ફોન પાંચ પાંચ વર્ષ સુધી વાપરે છે. જેમને ખપ પૂરતો જ મોબાઈલનો ઉપયોગ હોય છે તેમને બદલવાની ખાસ જરૂર પડતી નથી. વળી અમુક મોબાઈલ વારંવાર બદલવાના પક્ષમાં નથી હોતા. તેઓ એને પૈસાની બરબાદી માને છે. આ બધા વચ્ચે સવાલ એ છે કે ખરેખર મોબાઈલ કેટલા સમય બાદ બદલવો જોઈએ ? મોબાઈલ બદલવા માટે ટેક્નાલાજીના નિષ્ણાતો શું સલાહ આપે છે ? મોબાઈલ જયાં સુધી ચાલે ત્યાં સુધી ચલાવવો જોઈએ ? કોઈ નવું મોડલ બજારમાં આવે ને ગમી જાય તો તે મોબાઈલ ખરીદી લેવો જોઈએ ? આપણા મિત્રો કે પરિવારના સભ્યો કે આસપાસના લોકો નવો ફોન લઈ લે ત્યારે આપણેય વિચારવું જોઈએ ?

મોબાઈલ બદલવાનો સમય થયો છે એવું આમ તો મોબાઈલ ખુદ આપણને કહેતો હોય છે. મોબાઈલમાં અમુક ખાસ સંકેતો જોવા મળે ત્યારે સમજવું જોઈએ કે નવા મોબાઈલનો ખર્ચ કરવાનો સમય આવી ગયો છે.સૌથી મહત્ત્વનું ફેક્ટર છે સિક્યારિટી અપડેટ્સ. દરેક મેકર કંપની સ્માર્ટફોનમાં સમયાંતરે સિક્યારિટી અપડેટ આપે છે. સોફટવેર અપડેટ અને સિક્યોરિટી અપડેટ મળતાં રહે ત્યાં સુધી એ ફોન વાપરવામાં ખાસ વાંધો આવતો નથી. નવા નવા પડકારો સામે સાફટવર અપડેટ અને સિક્યોરિટી અપડેટથી રક્ષણ મળે છે. સોફટવર અપડેટ બંધ થાય પછી ફોન બદલવાનું વિચારવું જોઈએ.બીજો પાઈન્ટ છે – મોબાઈલ સ્લો થઈ જતો હોય ને વારંવાર હેંગ થતો હોય, તો બદલી નાખવાનો સમય આવી ગયો સમજવું. સોફટવેર અપડેટ આવવાનું બંધ થાય ને મોબાઈલમાં જૂનાં સાફટવર એટલાં કામ આપે નહીં ત્યારે ફોન ધીમો પડી જાય છે. જગ્યા ઓછી હોય ત્યારેય ફોન હેંગ થવા માંડે છે. એનો અર્થ એવો થયો કે તમારી જરૂરિયાતથી ફોનમાં ઓછી જગ્યા છે એટલે વધારે રોમ અને રોમ હોય એવો ફોન ખરીદી લેવો જોઈએ.સ્માર્ટફોનનાં અમુક જૂનાં માડલ્સમાં વોટ્સએપ, યુપીઆઈ જેવી એપ્સ આપોઆપ બંધ થઈ જાય છે. એપ ક્રિએટર્સ કંપનીઓ અમુક અંતરે એવી જાહેરાતો કરે છે કે હવે પછીથી ચોક્કસ માડલમાં એપ ચાલશે નહીં. મોટે ભાગે અપડેટ બંધ થઈ જાય પછીના થોડા સમયમાં આ કંપનીઓ પણ એ મોડલમાં સર્વિસ બંધ કરે છે. ઘણી વખત આ એપ્સ સાવ બંધ ન થાય તોય લેટેસ્ટ ફીચર્સ મળતાં બંધ થઈ જાય છે. આવી એપ્સમાં યૂઝર્સ ફ્રેન્ડલી અપડેટ અને ફીચર્સ ઉમેરાતાં રહે છે. કંપની લેટેસ્ટ ફીચર્સ તેના જૂના વર્ઝનમાં આપતી નથી. આવું થવા માંડે તો પણ મોબાઈલ બદલવો જોઈએ. એક મહવનું ફેકટર છે બટરી. જો મોબાઈલમાં બટરી વારંવાર ઊતરી જતી હોય ને મોબાઈલ વારંવાર ચાર્જમાં મૂકવો પડતો હોય તો મોબાઈલ બદલવાનો સમય આવી ગયો છે. બટરી જૂની થાય તો મોબાઈલમાં બીજી ગરબડો થવાની શક્યતા પણ ખરી. જૂના મોડલમાં બટરીના પ્રશ્નો શરૂ થાય ત્યારે રિપર કરવાને બદલે મોબાઈલ બદલવાનું વિચારવું જોઈએ.એક પરિબળ એ પણ ખરૂં કે તમે મોબાઈલ કેટલા બજેટમાં ખરીદ્યો હતો. જો ત્રણ–ચાર વર્ષ પહેલાં બહુ જ સસ્તો ફોન ખરીદ્યો હોય તો આ બધી જ સમસ્યા ફોનમાં શરૂ થઈ શકે છે. એ પછી એ ફોનની લાઈફ પૂરી થઈ ગઈ કહેવાય.મીડિયમ રેન્જનો ફોન હોય તો ત્રણ–ચાર વર્ષમાં એટલો વાંધો આવતો નથી. જયારે ફોન ખરીદ્યો ત્યારે કેટલુ બજેટ, કેટલી રેમ, કેટલી રોમ, કેટલી બેટરી લાઈફ વગેરે બાબતો પર કેટલું ધ્યાન આપ્યું છે એના આધારે ફોન બદલવાનો નિર્ણય લેવો જોઈએ. બહુ હાઈ કન્ફિગ્રેશનનો ફોન હોય તો ચાર–પાંચ વર્ષ નીકળી જાય છે, કદાચ વધારે પણ કાઢી નાખે. લો કન્ફિગ્રેશનનો ફોન લીધો હોય તો માંડ ત્રણ વર્ષ ચાલે છે. એન્ડ્રોઈડ ફોનમાં ત્રણ–ચાર વર્ષ પછી અપડેટ બંધ થઈ જાય છે અને બટરી લાઈફ પણ પૂરી થવામાં હોય છે. એ જોતાં ચાર વર્ષ પછી ફોન બદલી નાખવો જોઈએ. મોબાઈલમાં જો આ ચાર–પાંચ પ્રકારના સંકેતો મળતા હોય તો બજેટને ધ્યાનમાં રાખીને ફોન બદલવાનો વિચાર કરવો જોઈએ.

---



# બાલ એકસપ્રેસ

સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી

– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ



## ઐતિહાસિક સભા

– બળવંતસિંહ– ઇન્દુલાલ યાજ્ઞિક

ગાંધી–ગંગા (બે ભાગમાંથી પસંદ કરેલું આચમન) સંપાદક : મહેન્દ્ર મેઘાણી


અસ્પૃશ્યતા દૂર કરવાની ચળવળ મુંબઈમાં ને પૂનામાં તો ગાંધીજીના આગમન પહેલાં ચાલતી. ગુજરાતમાં મહારાજા સયાજીરાવ ગાયકવાડે અછૂતોના ઉદ્ધાર માટે ૧૯મી સદીથી કંઈક ધ્યાસ આદરેલા. પણ ગાંધીજીએ તો દેશમાં પગ મૂકતાં જ અસ્પૃશ્યતા નિવારણના પુણ્યકાર્યને પોતાના જીવનમાં વણી લીધું ત્યારથી આ વિશે નવો ઈતિહાસ સર્જાવા માંડ્યો.

૧૯૧૭ના નવેમ્બર માસમાં ગોધરામાં પહેલી ગુજરાત રાજકીય પરિષદ ગાંધીજીના પ્રમુખપદે ભરાઈ ત્યારે તેના છેલ્લા દિવસે તેમની પ્રેરણાથી અને ઠક્કર–બાપાના અને મામા ફડકેના પ્રયાસથી ગુજરાતના કાર્યકરોની, શહેરના સવર્ણોની અને અંત્યજ ભાઈઓની એક ઐતિહાસિક સભા ભંગીવાસમાં બોલાવવામાં આવી.

મસાણના રસ્તા પર આવેલા એ વાસમાં ગાંધીજીનું અને બીજા સવર્ણ મહેમાનોનું સ્વાગત કરવાને ભંગી ભાઈઓએ તોરણો બાંધીને અને અનેક કમાનોથી દરવાજા રચીને આખો રસ્તો ખૂબ શણગારી દીધો. જોતજોતામાં ત્યાં હજારો લોકોની ઠઠ જામી. આવું દશ્ય ગુજરાતમાં પહેલી જ વાર જોવામાં આવ્યું, કે જયાં શેઠિયાઓ, વકીલો, વેપારીઓ અને એવા બીજા ગૃહસ્થો ઢેડ અને ભંગી લોકોની સાથે એક સભામાં હળીમળીને ભેગા થયા.જે મોટા માણસ તેમના વાસમાં પધારે, તેમના માનમાં ભંગીઓએ પોતાનાં ઝૂંપડાં અને આંગણાં વાળી ઝૂડીને સાફ કરેલાં અને આખો વાસ ધજા તોરણોથી શણગારેલો. મહેમાનોને આવવાનો વખત થયો તેમ તેમના દિલમાં ગભરામણ થવા લાગી કે આવા બ્રાહ્મણ–વાણિયા આપણે ઘેર ભલે આવે, પણ આપણાથી કાંઈ તેમને અડકાય ? જમાનાથી કચડાયેલા એ લોકોએ ઠરાવ્યું કે સારી વરણ આવે તે પહેલાં બધાએ પોતપોતાના છાપરે ચડી જવું અને ગાંધી મહાત્માનું ભાષણ ત્યાં બેસીને સાંભળવું.

ઠક્કરબાપા પહેલા આવીને વાસમાં ફરવાલાગ્યા ત્યારે આવી મોટી સભા જોઈને અને બધા સવર્ણ ભાઈઓને નિહાળીને તે હરખાયા. પણ જે ભંગી આગેવાનને આગળ મળી ગયેલા તેની ગેરહાજરી તેમને તરત જ સાલી. સહેજ વારમાં તેમણે ઊંચે નજર કરી તો બધા ભંગીઓને સ્ત્રીબાળકો સમેત છાપરાં પર ચડેલા જોઈને તે ચકિત થયા. પણ બાપા એમ કંઈ હારે એવા નહોતા. દર્દભરી વાણીમાં તેમણે ભંગીભાઈઓને નીચે ઊતરવા અરજ કરી. મહાપ્રયાસે ઘણાં ભંગી કુટુંબોને છાપરેથી નીચે ઉતારવામાં તે સફળ થયા.

## આ તે કેવી સાડી



ગુજરાતી સાડી સામાન્ય રીતે પાંચ વાર એટલે લગભગ સાડા ચાર મીટરની હોય, મહારાષ્ટ્રીઅન સાડી ઘણી વાર નવ વાર એટલે લગભગ આઠ મીટરની હોય, પરંતુ દિલ્હીના એક બહેન સુનિતા વર્માએ ૫૫ મીટર (આશરે ૬૦ વાર) ની સાડી પહેરી અને લિમ્કા બૂક ઓફ રેકોર્ડ્ઝમાં નામ લખાવ્યું !

એમની સાડી દુનિયાની સૌથી લાંબી અને મોંઘી સાડી હતી, જે બનાવવામાં ખર્ચ રૂા. ૮,૮૫, ૦૦૦ થયાં હતાં. એ મૂળે ભરત ભરેલી સાડી હતી, જે સુનીતાબહેને જાતે ૨૬,૪૦૦ કલાકની મહેનતે બનાવી હતા. લગભગ દસ વર્ષ !

## મહાનતા !

માન–સન્માન, અવોર્ડ–પારિતોષિક આજે બધું જ 'મેનેજ' થઈ શકે છે. જયારે એવી વ્યકિતને મળે ત્યારે ઘણા બધા લોકોની આંગળીઓ બે હોઠ અને દાંત વચ્ચે આવી જાય છે અને આંખોમાં પ્રશ્ન ઊભરાય છે, આને અવોર્ડ ?!

આફ્રિકાના ઊંડાણવાળા જંગલોમાં ૫૦ વર્ષ સુધી ગરીબો, દર્દીઓ અને રકતપિત્તવાળાં દર્દીઓની તન–મન – ધનથી સેવા કરનાર ડો. આલ્બર્ટ શ્વાઈત્ઝરને નોબેલ પારિતોષિક આપવાનું નક્કી થયું. અવોર્ડ સમિતિએ જયારે આ નિર્ણય લીધો ત્યારે આલ્બર્ટ દક્ષિણ આફ્રિકાના જ એક ઊંડાણવાળા વિસ્તારમાં નવું દવાખાનું શરૂ કરવાના ઈરાદે સાદું છાપરાવાળું મકાન તૈયાર કરતા હતા.

જાતે જ ખાડા કરી થાંભલા તો ખોડી નાખ્યા, હવે ઉપર છાપરૂં બાંધવાના હતા. એ કામ માત્ર એકલા હાથે થાય એવું નો'તું.

ત્યાં, નોબેલ પારિતોષિકની સમિતિનો એક સભ્ય પ્રતિનિધિ આ નિર્ણયની જાણ કરવા જંગલમાં આ સ્થળે પહોંચ્યો. શ્વાઈત્ઝર તો જાણે પ્રભુએ મદદ માટે માણસ મોકલ્યો તેવા ખુશ થયા અને કંઈ જ સાંભળ્યા પહેલાં તેને છાપરૂં પકડવા માટે વિનંતી કરી.


છાપરાં બંધાઈ ગયાં. પેલાએ નોબેલ પારિતોષિક પ્રાપ્તિના સમાચાર કહ્યા. શ્વાઈત્ઝર કહે – 'સમિતિનો આભાર માનજો, મને એ નાણાં આ દવાખાનાના કામમાં ખૂબ જ ઉપયોગી થશે...'

**(સાભાર : 'અખંડ આનંદ')**

## માર્ગ વાહન વ્યવહારના નિયમો

નવી પેઢી – નવો સંકલ્પ

### સલામત માર્ગ



વિદ્યાર્થી : હા સાહેબ, હવે અમને એ કહો કે પદયાત્રીઓને કોઈ વિશેષ અધિકાર હોય છે ?

શિક્ષક : હોય છે ને ! જયાં વાહન–વ્યવહાર નિયમન માટે કોઈ પોલીસ કે અન્ય અધિકૃત વ્યકિત ના હોય ત્યારે પદયાત્રીઓને રસ્તો ઓળંગવાનો કે તેની બાજુએ ચાલવાનો અધિકાર હોય છે. સાઈકલ–ચાલકો માટેના ખાસ ટ્રેક પર કે ફૂટપાથ પર કોઈ બીજું વાહન ચલાવવાની મનાઈ હોય છે. હા, પણ ખાસ સંજોગોમાં ગણવેશધારી પોલીસ અધિકારી અન્ય વાહનોને ત્યાંથી જવાની છૂટ આપે તો જ બીજાં વાહનો ત્યાંથી જઈ શકે.

વિદ્યાર્થી : ઘણી વખત પદયાત્રીઓ મોટી સંખ્યામાં ધાર્મિક સ્થળોએ ચાલતા જતા હોય છે એટલે આવ પદયાત્રીઓએ તેમની સુરક્ષિતતા માટે શું કરવું જોઈએ ?

શિક્ષક : વાહ ! સરસ સવાલ છે. તમને યાદ હોય તો આપણે આગળ વાત કરેલી કે પદયાત્રીઓએ હંમેશાં માર્ગની જમણી તરફ જ ચાલવું. અંબાજી, ડાકોર વગેરે ધાર્મિક સ્થળોએ સેંકડોની સંખ્યામાં પદયાત્રીઓ સંઘ લઈને નીકળતા હોય છે એટલે અકસ્માત ના સર્જાય તે માટે જો તેઓ માર્ગની જમણી તરફ ચાલે તો સામેથી આવતાં વાહનોને તેઓ જોઈ શકે અને સુરક્ષિત રહી શકે.

## ''કડવા ઘૂંટડા ગળી જજો''

### માનસિક શાંતિનાં સચોટ ઉપાયો


લેખક શ્રી સેન્ટ.આનંદનારાયનમ્

જે કોઈ મનુષ્યે તમારૂ અપમાન કર્યુ હોય કે તમારી લાગણી દુભાય હોય તેના પ્રત્યે તમારા હદયમાં દુર્ભાવના વિકસવા દેશો નહિ. આવી વ્યકિત માટે દુર્ભાવના સેવવી એ ગુસ્સે થવા કરતાં પણ વધારે ખરાબ છે. આવી ભાવના સેવવી એ તો એક જાતનું માનસિક કેન્સર જ છે. સંતાપને પોષશો નહિ. ભૂલો માફ કરો. આ માત્ર આદર્શ સુત્ર જ નથી, પરંતુ માનસિક શાંતિ ટકાવી રાખવાનો એકમાત્ર રાજમાર્ગ છે. સંતાપનું સંવર્ધન કરવાની ટેવ તમારી પોતાની જાતને જ ખૂબ હાનિકર્તા છે. આ કુટેવથી તમારી પોતાની જાતને જ ખૂબ હાનિકર્તા છે. આ કુટેવથી તમારી નિદ્રા હરામ થઈ જશે તમારૂં લોહી ઝેરી બની જશે તમારૂ લોહીનું દબાણ પણ વધી થશે. તમારા મજજાતંતુઓ ક્ષીણ થઈ જશે. છેવટે તો, તમારૂ અપમાન એકવાર થઈ ગયું તે થઈ ગયું. હવે તે ઘટના ભૂતકાળની બની ગઈ. બધું પતી ગયું. તેને વારંવાર યાદ કરવાથી શો ફાયદો ? ઢોળાઈ ગયેલા દુધ પર આંસુ સારવાનો શો અર્થ ? તે અપમાન કે દુઃખને વારંવાર યાદ કરી શા માટે સતત જીવ બાળવો જોઈએ ? ધિકકાર અને દુષ્ટ વિચારના બુઝાતા અંગારામાં ઘી હોમ્યા કરવાની શી જરૂર ? શું આ મહાન મૂખર્તા નથી ?

## બંગાળની અનોખી ભેટ

### શ્રી અરવિંદ જીવનધારા

ગુજરાત સાહિત્ય અકાદમી લેખકશ્રી : જયોતિબહેન થાનકી



સશ્ય શ્યામલા બંગાળની ભૂમિએ ભારતમાતાને ચરણે અનેક સપૂતો ધર્યા છે. શ્રીચૈતન્ય મહાપ્રભુની કૃષ્ણભકિતએ ભારતભરમાં કૃષ્ણભકિતની ધારા વહાવી. રાજા રામમોહનરાયે ગુલામ બની ગયેલી પ્રજાના માનસમાં નવજાગૃતિનો સંચાર કર્યો. પંડિત ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે સમાજ સુધારણાની જેહાદ જગાવી. રામકૃષ્ણ પરમહંસે પોતાની આધ્યાત્મિક અનુભૂતિઓના પ્રકાશથી ભારતવર્ષને આલોકિત કર્યુ અને તેમના પરમ શિષ્ય સ્વામી વિવેકાનંદે તો પોતાની ઓજસ્વી વાણીથી વિભરમાં ભારતીય સંસ્કૃતિ અને ધર્મની પુનઃ પ્રતિષ્ઠા કરી. તેમણે હિંદની પરાધીન પ્રજાના અંતરમાં રહેલી શકિતને જગાડી. એ જાગેલી શકિતને વધુ પ્રબળ બનાવવા, કાર્યાન્વિત કરવા અને આધ્યાત્મિક જગતમાં એક નવી જ દિશા ખોલવા બંગાળની ભૂમિએ ભારતમાતાના ચરણે એક અનોખા સપૂતની ભેટ ધરી અને તે છે શ્રી અરવિંદ ઘોષ.





બાલમિત્રો,

આજે એક વિચિત્ર વાત સાંભળવામાં આવી. આ આવત અહિ એટલા માટે રજુ કરૂ છું કે એમાં તમે તથા તમારા માતા–પિતાઓ વિચારવા જેવું છે.

એક દીકરી માધ્યમિક શાળામાં ભણે છે. ગામડેથી ભણવા આવેલી છે. સાવ સામાન્ય કુટુંબ છે. પણ દીકરીને શહેરની હવા લાગી ગઈ છે. એટલે એણે એના મા–બાપને ફોન અપાવવા વાત કરી પણ માબાપ એના અભ્યાસના ખર્ચામાંથી જ ઉંચા નથી આવતા ત્યા ફોન કયાંથી ખરીદી આપે ? બીજીવાર, ત્રીજીવાર જયારે દીકરીએ માંગણી મુકી ત્યારે પિતાએ કહયુ. બેટા, તું એસએસસી પાસ થઈ જઈશ પછી તને ફોન અપાવી દઈશ. પણ દીકરીઓ વેન ચાલુ રાખ્યું. ધીરે ધીરે દીકરી નિશાળે જવાનું બંધ કરી દે છે. યારેક જાય ને માટે ભાગે ન જાય.

આવા નાના વિદ્યાર્થીઓને મોબાઈલની લત લાગે છે. પછી એમાંથી તેઓ બહાર નીકળી શકતા નથી. ને લાગણીમાં તળાઈ અજુગતું પગલુ ભરી બેસે છે. ભણવાની ઉમરમાં મોબાઈલની લતે ચડી જાય છે. અભ્યાસ એક બીજું રહી જાય છે. બાલીમત્રો તમો પણ વિચારી–વિચારી માતા–પિતા પાસે વસ્તુ માટે વેન કરજો.

## સોના સાઠ

### બાલ કથાઓ

ગિજુભાઈ બધેકા (બાલ સાહિત્યના બ્રહ્મા)



એક હતો મિયાં અને એક હતો વાણિયો.

વાણિયો મિયાં પાસે રૂપિયા માંગે. મિયાંની દાનત ખોરા ટોપરા જેવી, એને પૈસા દેવાનો સ્વપ્નેય વિચાર નહિ. વાણિયો ઉઘરાણીએ આવે પણ મિયાં આડાદોઢા જવાબ આપે.વાણિયો ઉઘરાણી કરીને થાકયો, કહી કહીને થાકયો, કહેવરાવીને થાકયો પછી કંટાળ્યો.એક દિવસ કાખમાં ચોપડા લઈને મિયાંને ઘેર ગયો. જઈને કહે : 'છે ઈ ઘરમાં ?'મિયાંનો છોકરો કહે : 'કેમ શેઠ ? બાપુ તો બહાર ગયા છે.'

વાણિયો કહે : 'કેમ ગયા છે ?'છોકરો કહે : 'રળવા ગયા છે.'વાણિયો કહે : 'ક્યાં ?'છોકરો કહે : 'સીમમાં લીંબોળી લેવા ગયા છે. વાડામાંબાપુ લીંબોળીનાં ઝાડ વાવશે, તેના લીંબડા થશે ને એને લીંબોળી આવશે. લીંબોળીઓ અમે ખાશું ને એના જે ઠળિયા રહેશે તે બાપુ વેચશે. તેના જે પૈસા આવે તેમાંથી વાણિયાનું દેવું દેવાનું છે.'વાણિયો સમજી ગયો : 'આ મિયાંના પૈસા કોઈ દિવસ પતે એમ નથી.'મિયાં ઘેર આવ્યો. છોકરાએ બધી વાત કરી. મિયાં કહે : 'બરાબર ન કહ્યું. છેવટે પૈસા આપવાની વાત કરી ના ? એટલુંય શું કામ કહેવું'તું ?'ત્યાં તો વાણિયો ધૂવાંપૂવાં થતો આવ્યો. કહે : 'આ કાકાના રૂપિયા કાઢી નાખો, નહિતર કોરટે ચડીશ !'મિયાં કહે : 'કોણ બેટો ના પાડે છે ? બોલાવોને પંચને ? પંચ જે કહે તે આપણે કબૂલ છે. પંચ કહે તો રોકડા ખખડાવીને ગણી આપું.'પંચ આવ્યું. પંચ વિષ્ટિ કરવા મથ્યું. હા–ના, હા–ના કરતાં સોના સાઠ આપવાનું પંચે ઠરાવ્યું.મિયાં કહે : 'સાઠ રૂપિયા તો બહુ થાય. કયાં ઓછું કરો તો અબઘડી આપું.વળી પંચે હામા કરી બે આમ કાપી, બે આમ કાપી, અડધા રૂપિયા કાઢી નાખ્યા. એટલે પછી રૂપિયા આખા ત્રીસ આપવાના રહ્યા.મિયાં કહે : 'હવે બરાબર છે. વાહ, પંચે કાંઈ ન્યાય તોળ્યો છે ! પંચ માબાપ સાચું છે. લ્યો, ત્યારે હમણાં જ આપું છું. આ દસ તો આપું છું. દસ અપાવીશ, ને દસમાં લેવું' તું શું ને દેવું'તું શું ? આટલે દિવસે આટલું મોટું નામું સમજયા ત્યારે આટલી છૂટ તો મૂકવી જ જોઈને ના ?વાણિયા સામે જોઈને મિયાંએ કહ્યું : 'જુઓ શેઠજી ! સાંભળી જાઓ, પછી એ પ્રમાણે ચોપડામાં લખી નાખો. સાંભળો :'

સોના કર્યા સાઠ,
અરધા ગયા નાઠ,દસ દઉંગા, દસ દિલાઉંગા,ઓર દસમેં ક્યા લેના ઓર દેના !'


મિયાંની ચતુરાઈ જોઈ વાણિયો હસી પડ્યો. મિયાંનો છોકરો કહે : 'બાપા ! જુઓ, વાણિયો હસે છે.'મિયો કહે : 'હસે જ તો. આજ તો પૈસા નગદેનગદ મળી ગયા !'

## નરસિંહ મહેતા : ફિલ્મનું નિર્માણ

પહેલી ભારતીય બોલતી ફિલ્મ 'આલમઆરા' ૧૯૩૧ માં બન્યાનાં બીજા જ વર્ષે ગુજરાતી ફિલ્મ ('સળંગ ગાતું બોલતું ચિત્રપટ') નરસિંહ મહેતા બની. તેના માટે જુનાગઢમાં જઈને શૂટિંગ કરવાનું મુશ્કેલ હોઈ. જુનાગઢના સ્થળો અને ગઢ ગિરનારના સેટ્સ મુંબઈમાં જ ઉભા કરવામાં આવ્યા હતા. પંદરમી સદીનું વાતાવરણ ઉભું કરવા માટે ખુબ કાળઙ લેવામાં આવી હતી. સાગર મૂવીટોનની આ ફિલ્મનું દિગ્દર્શન નાનુભાઈ વકીલે કર્યું હતું. રવિશંકર રાવળે જુની હસ્તપ્રતોના અભ્યાસ તેમજ નાગરોના કદ – કાઠીનો અભ્યાસ કરીને નરસિંહ મહેતાનું ચિત્ર દોરી આપ્યું હતું. ભકત કવિ નરસિંહ મહેતાના પાત્રને સમજવા માટે નાનુભાઈ કવિ નાનાલાલ, સાક્ષર આનંદશકંર ધ્રુવ, ઐતિહાસિક નવલકથાઓનાં લેખક કનૈયાલાલ મુનશીને મળ્યા હતા અને પટકથા – લેખન – ચતુર્ભુજ દોશીને સોંપ્યું હતું. નરસિંહ મહેતા જેવા અભિનેતા મળ્યા પણ તે આ કામ કરવા તૈયાર ન હોઈ મરાઠી ગાયક અને અભિનેતા મારૂતિરાવ પહેલવાને આ ભૂમિકા ભજવી હતી. શ્રીકૃષ્ણની ભૂમિકા ઉમાકાંત દેસાઈએ ભજવી હતી. માત્ર રૂા.૧૭ હજારના ખર્ચે આ ફિલ્મ ૨૦ દિવસમાં બની ગઈ હતી અને નવમી એપ્રિલ ૧૯૩૨ ના રોજ પ્રદર્શિત કરી શકાઈ હતી.



# અમરેલીમાં ડો. જીવરાજ મહેતા પોલીટેકનિક ખાતે મેગા પ્લેસમેન્ટ કેમ્પ યોજાયો



વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યા બાદ તરત જ તેમના કૌશલ્ય અને લાયકાત અનુસાર રોજગારીની પ્રાપ્તિ થાય એ હેતુને સાર્થક કરવા રાજયના શિક્ષણ વિભાગ હસ્તકની તમામ સરકારી તેમજ ગ્રાન્ટેડ કોલેજો ખાતે અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે રોજગારીની તક ઉપલબ્ધ થાય તે હેતુથી અમરેલી ખાતે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ તથા કમિશનરેટ ઓફ ટેકનીકલ એજયુકેશન, ગાંધીનગર અને કે.સી. જી.અમદાવાદના સંયુક્ત ઉપક્રમે અમરેલી જિલ્લા, ઝોન ૫, નોડ ૮ ના મેગા પ્લેસમેન્ટ કેમ્પ–૨૦૨૬નું નોડલ સંસ્થા ડો. જીવરાજ એન. મહેતા સરકારી પોલીટેકનિક અમરેલી દ્વારા સફળ આયોજન થયું હતું. કાર્યક્રમની શરૂઆત ઉપસ્થિત કંપનીઓના પ્રતિનિધિઓ તેમજ નોડલ ઓફિસર બી.પી.રાવલ દ્વારા કરાવવામાં આવી હતી તેમજ પ્લેસમેન્ટ કોર્ડીનેટર એમ.ડી.કાકડિયા દ્વારા પ્લેસમેન્ટ ફેરની રૂપરેખા આપી વિદ્યાર્થીઓને સમગ્ર કાર્યક્રમથી માહિતગાર કર્યા હતા. ત્યારબાદ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરી ઈન્ટરવ્યુ આપવા માટે જોડાયા હતા. પ્લેસમેન્ટ ફેરમાં નામાંકિત ૨૧ જેટલી કંપનીઓ ઉત્સાહભેર જોડાઈ મહત્તમ ૪૮૦૦૦૦/– સુધીનું વાર્ષિક પેકેજ સેલેરી પેકેજ ઓફર થયું હતું. પ્લેસમેન્ટ ફેરમાં કૂલ ૩૩૩ વિદ્યાર્થીઓ સામેલ થયા હતા. તેમાંથી દરેક વિદ્યાર્થીઓને પાંચ અલગ અલગ કંપનીમાં બેસવાની પરમિશન અપાઈ હતી. આ રીતે કુલ ૮૭૧ વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યૂ બાદ આખરે ૨૯૨ પોસ્ટ માટે વિદ્યાર્થીઓની પસંદગી કરાઈ હતી. અમરેલી જિલ્લાના મેગા પ્લેસમેન્ટ કેમ્પ–૨૦૨૬ને સફળતા પૂર્વક પૂર્ણ કરવામાં જિલ્લાની તમામ સરકારી તેમજ ગ્રાન્ટેડ કોલેજોએ પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું હતું. તેમજ કોર્ડીનેટર એચ. બી. રેણુકા, કે.ડી.રામાનુજ, એન.વી. પીઠડીયા, એચ.જી.ડાંગર, ડી.એચ. જોષી, આર.એ.નિમાવત, વી.એમ. હોથી તથા પોલિટેકનિક સંસ્થાના સમગ્ર સ્ટાફ દ્વારા ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલીની પાસપોર્ટ કચેરીને

હતું. પ્રથમ સુરક્ષાને પ્રાથમિકતા આપતા આ પોસ્ટ ઓફિસની કચેરી તાત્કાલિક ખાલી કરાવવામાં આવી હતી અને કર્મચારીઓ તેમજ અરજદારોને બહાર કાઢવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે પાસપોર્ટ કચેરી અને પોસ્ટ ઓફિસ એક જ બિલ્ડિંગમાં કાર્યરત હોવાથી આસપાસના વિસ્તારમાં પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો. આ દરમિયાન કોઈ પણ શંકાસ્પદ વસ્તુ મળી આવી ના હોય વહીવટીતંત્ર સહિતનાએ રાહતનો દમ લીધો હતો.

પરંતુ સાવચેતીના પગલાંરૂપે દરેક ખૂણાની જીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી રહી છે. પોલીસના સાયબર સેલ દ્વારા પણ ઈ–મેઈલ મોકલનાર સુધી પહોંચવા પ્રયત્નો શરૂ કરવામાં આવ્યા છે અને બપોરે એક વાગ્યા આસપાસ પોસ્ટ ઓફિસ સહિતની તમામ કામગીરી રાબેતા મુજબ શરૂ થઈ જવાં પામેલ છે.

જો કે હાલ પરિસ્થિતિ નિયંત્રણમાં છે અને નાગરિકોને અફવાઓથી દૂર રહેવાની અપીલ કરવામાં આવી છે. સમગ્ર મામલે ઊંડાણપૂર્વક તપાસ ચાલી રહી છે અને જવાબદાર તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

આ બનાવને પગલે પોલીસની ઝડપી કામગીરીને કારણે પરિસ્થિતિ કાબૂમાં રાખવામાં સફળતા મળી છે. તંત્ર દ્વારા સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવવામાં આવી છે અને આગામી દિવસોમાં પણ ચુસ્ત નજર રાખવામાં આવશે.

પાના ૮ ઉપરનું ચાલું
## બાબરાનાં કલોરાણા ગામે વાયરલ થયેલ

પીવાનાં કારણે થયેલ હોવાની કલોરાણા ગ્રામજનોએ રજુઆત કરેલ હોય. જે અંગે પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈ બાબરા પોલીસ ટીમ ધ્વારા કલોરાણા ગામે સઘન પેટ્રોલીંગ કરવામાં આવેલ હતું.

કલોરાણા ગામમાં છેલ્લા દોઢ મહિના દરમ્યાન બે વ્યકિતઓએ આપઘાત કરેલ હોય. જેમાં ગઈ તા. ૩૧/૨/૨૦૨૬ના રોજ સંજયભાઈ વિઠ્ઠલભાઈ ડાભી (ઉ.વ. ૩૫)એ સ્થાનિક બચત મંડળમાંથી રૂપિયા ઉછીનાં લીધેલ હોય. જે અંગેની જાણ તેના પત્ની પ્રભાબેનને થઈ જતા બન્ને પતિ–પત્ની વચ્ચે બોલાચાલ થતા બન્નેને લાગી આવતા આવેશમાં આવી બન્નેએ ઘરે રાખેલ જીરામાં છાટવાની ઝેરી દવા પોતાની મેળે પી ગયેલ. જેમાં સારવાર દરમ્યાન સંજયભાઈ વિઠ્ઠલભાઈ ડાભીનું અવસાન થયેલ અને તેના પત્ની પ્રભાબેનને સારવાર બાદ તબીય સારી થતા ડો. સા.એ. રજા આપેલ. જે બનાવ અનુસંધાને બાબરા પોલીસ સ્ટેશન અ.મો. નં. ૩/૨૦૨૬ બીએનએસએસ ક.૧૯૪ મુજબનો બનાવ રજી. થયેલ છે. તેમજ ગઈ તા. ૨૪/૨/૨૦૨૬ના રોજ સંજયભાઈ જુગાભાઈ ઝાપડીયા (ઉ.વ. ૩૧)નાઓ જસદણ મુકામે હીરા ઘસવાના કામે ગયેલ અને હીરાનાં કારખાને પોતાને હીરાઘસવાનું કામ ગમતું નથી તેમ કહી ત્યાંથી નીકળી ગયેલ અને કલોરાણા ગામની સીમમાં આવેલ ડુંગરમાં જઈ અનાજમાં નાખવાના ઝેરી દવાના ટીકડા પી જતા ઝેરી અસર થતા સારવાર દરમ્યાન મરણ ગયેલ છે. જે બનાવ અનુસંધાને બાબરા પોલીસ સ્ટેશન અ.મોત. નં. ૦૬/૨૦૨૬ બીએનએસએસ ક.૧૯૪ મુજબનો બનાવ રજી. થયેલ છે. કલોરાણા ગામનાં આ બંને આત્મહત્યાનાં બનાવો દવા પીવાના કારણે તેમજ હીરાઘસવાનું કામ ગમતું ના હોવાના કારણોસર બનવા પામેલ છે. દારૂ પીવાના કે અન્ય કોઈ કારણોસર થયેલ નથી અને તે અંગે પોલીસ ધ્વારા અકસ્માત બનાવ નોંધી અંગે ધોરણસરની કાર્યવાહી કરેલ છે. તેમજ કલોરાણા ગ્રામજનોની રજુઆતોની ગંભીરતાને ધ્યાને લઈને બાબરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર એમ.આર.શેઠ ધ્વારા બાબરા પોલીસ સ્ટાફને કલોરાણા ગામે સઘન પેટ્રોલીંગ કરવા તથા બાબરા તાલુકાના પ્રજાજનોને અનુરોધ કરવામાં આવેલ કે, પોતાના વિસ્તારની આજુબાજુમાં કોઈ ગેર કાયદેસર પ્રવૃતિ થતી હોવાનું જણાય આવે તો બાબરા પોલીસ સ્ટેશનના મોબાઈલ નંબર ૬૩૫૯૬ ૨૮૯૯૧ તથા બાબરા પોલીસ ઈન્સપેકટર ના નંબર ૬૩૫૯૬ ૨૫૮૯૫ ઉપર ફોન કરી જાણ કરવા બાબરા પોલીસે જણાવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું
## બાબરાનાં કલોરાણાનાં ગ્રામજનો

ઓટા પાસે ભેગુ થઈ નિર્ણય કર્યો કે આજ પછી કોઈએ દારૂ પીવો નહી, કોઈએ દારૂ વેચવો નહી. બહારગામનાં લોકો જો ગામમાં દારૂ વેચવા આવશે તો તેના પર કડક પગલા લેવામાં આવશે. કલોરાણા ગામના લોકોની મોટી પીડા દારૂની લત ધરાવતા લોકો કામકાજ કશું કરતા અને મહિલાઓને એટલે કે ઘરની મહિલાઓને પેટનો ખાડો પુરવા માટે તેમજ બાળકોના ઉજજવળ ભવિષ્ય માટે મહેન, મજૂરી કામ કરી મહિલાઓ ઘરનું ગુજરાન ચલાવતી હોય પરંતુ દારૂના વ્યસને ચડેલા પુરૂષો મહિલાઓ સાથે ઝઘડો કરી મજૂરીના પૈસા આવેલા હોય તેમાંથી દારૂ પીવાના પૈસા લઈ જાય છે. સાથે જ મહિલા પર અત્યાચાર કરે છે અને પૈસા દેવાની ના પાડે તો મારામારી પણ કરે છે. જેથી કરી કલોરાણા ગામની મહિલાઓ તેમજ બુધ્ધિજીવી લોકો ખૂબ જ પરેશાન છે. ગામના આગેવાનોએ અમરેલી એસપીને, બાબરા પોલીસને રજૂઆત પણ કરેલી છતાં કલોરાણા ગામાં ખુલ્લેઆમ દેશી દારૂ તેમજ વિદેશી દારૂ પૈસા દેતા મળી જાય છે. દારૂના કારણે હસતો ખેલતો પરિવાર ઘર કંકાસ અને છેલ્લે દારૂના કારણે પરિવારનો મોભી ખોઈ બેસવાનો વારો આવે છે. દારૂના દુષણના લીધે કલોરાણા ગામની મહિલાઓ ત્રાહિમામ થઈ ગઈ છે. સરકાર પાસે આશા રાખે છે કે કલોરાણા ગામમાં દારૂ બંધ થઈ જાય અને તેનો પરિવાર દારૂના દુષણમાં ડૂબી ના જાય.

પાના ૧ ઉપરનું ચાલું
## ''આપ''નાં આગેવાનોએ મોં મીઠા કર્યા

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત પદાધિકારીઓ અને કાર્યકર્તાઓએ જણાવ્યું હતું કે આ ચુકાદો સત્ય, ન્યાય અને ઈમાનદાર રાજનીતિની ઐતિહાસિક જીત છે અને રાજકીય બદનામી સામે ન્યાય વ્યવસ્થાની મજબૂતીનું પ્રતિક છે.

આ પ્રસંગે આમ આદમી પાર્ટીના જિલ્લાના પદાધિકારીઓ, કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ ફટાકડા ફોડી, મળીને મીઠાઈ વહેંચી, સૂત્રોચ્ચાર કરીને અને શાંતિપૂર્ણ રીતે સત્ય અને ન્યાયની જીતની ઉજવણી કરી હતી. કાર્યક્રમમાં સંબોધન કરતાં જિલ્લા પ્રમુખ નિકુંજ સાવલિયાએ જણાવ્યું હતું કે, "આ ચુકાદો માત્ર નેતાઓની નહિ પરંતુ સમગ્ર દેશની ઈમાનદાર રાજનીતિની જીત છે. સત્યને દબાવી શકાય નહિ આજનો ચુકાદો તેનો જીવંત પુરાવો છે અને સાથે સાથે કહેલ કે ભાજપની તાનાશાહી અને ભાજપની કઠપૂતળી બની ગયેલ એજન્સીઓ કોર્ટની અંદર એક પણ સબૂત જમા કરાવી શકે નહીં અને ખોટા લગાવેલા આક્ષેપો કોર્ટ દ્વારા હટાવી નેતાઓને નિર્દોષ જાહેર કર્યા હતા".

આ કાર્યક્રમ શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત રીતે પૂર્ણ થયો હતો.


**સંકુલ પેરેન્ટ્સને વિનંતી**

**સંકુલની સમગ્ર વ્યવસ્થા બાબત – પૂર્વ અને વર્તમાન પેરેન્ટ્સનાં સુચન આવકાર્ય છે.**

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત

શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ

સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક (ગર્લ્સ) સંકુલ, ચક્કરગઢ રોડ અમરેલી. -Ad 210


## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૫૦ | ૧૫૪૩ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૮૦૦ | ૮૦૦ |
| ૩ | તુવેર | ૧૩૨૫ | ૧૩૨૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ગીરનાર શીંગ | ૧૩૨૦ | ૧૩૬૫ |
| ૨ | શિંગ મોટી | ૯૫૦ | ૧૫૬૦ |
| ૩ | શિંગદાણા | ૧૦૦૦ | ૧૭૦૦ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૦૦૦ | ૧૯૦૦ |
| ૬ | જુવાર | ૫૪૦ | ૫૪૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૩૮૫ | ૬૪૫ |
| ૮ | ઘઉં લોકવન | ૪૦૦ | ૪૯૦ |
| ૯ | ચણા | ૮૦૦ | ૧૦૫૦ |
| ૧૦ | સફેદ ચણા | ૯૦૦ | ૧૦૧૫ |
| ૧૧ | તુવેર | ૮૫૦ | ૧૪૮૦ |
| ૧૨ | કપાસ | ૧૦૭૫ | ૧૬૧૫ |
| ૧૩ | એરંડા | ૧૧૬૫ | ૧૨૭૦ |
| ૧૪ | જીરૂ | ૨૫૧૦ | ૪૧૪૦ |
| ૧૫ | રાયડો | ૧૦૧૫ | ૧૦૮૦ |
| ૧૬ | રાય | ૧૦૦૦ | ૧૪૧૦ |
| ૧૭ | ધાણા | ૧૭૩૦ | ૨૩૧૦ |
| ૧૮ | ધાણી | ૧૫૦૦ | ૩૩૬૦ |
| ૧૯ | અજમા | ૧૩૦૦ | ૨૧૭૦ |
| ૨૦ | મેથી | ૯૦૦ | ૧૦૦૦ |
| ૨૧ | સોયાબીન | ૯૩૦ | ૯૮૦ |
| ૨૨ | મરચા લાંબા | ૧૩૯૦ | ૬૩૦૦ |
| ૨૩ | કાંગ | ૪૪૦ | ૫૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૫૦ | ૧૪૫૨ |
| ૨ | શીંગ મોટી | ૧૩૦૦ | ૧૪૮૨ |
| ૩ | તલ સફેદ | ૧૬૫૦ | ૨૦૩૨ |
| ૪ | તલ કાળા | ૩૦૫૦ | ૩૫૩૦ |
| ૫ | જીરૂ | ૩૭૦૦ | ૪૨૨૦ |
| ૬ | કપાસ | ૧૩૦૦ | ૧૫૭૨ |
| ૭ | ઘઉં લોકવન | ૪૦૦ | ૪૯૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૩૦ |
| ૯ | બાજરો | ૩૦૦ | ૬૫૦ |
| ૧૦ | જુવાર | ૮૦૦ | ૧૧૯૦ |
| ૧૧ | ચણા | ૧૦૦૮ | ૧૦૫૪ |
| ૧૨ | દેશી ચણા | ૧૧૫૦ | ૧૨૦૦ |
| ૧૩ | તુવેર | ૧૩૦૦ | ૧૫૩૦ |
| ૧૪ | એરંડી | ૧૧૫૦ | ૧૨૨૪ |
| ૧૫ | મેથી | ૮૫૦ | ૧૦૯૦ |
| ૧૬ | રાય/રાયડો | ૮૫૦ | ૧૧૪૦ |
| ૧૭ | ધાણા | ૧૩૦૦ | ૨૫૧૦ |
| ૧૮ | સોયાબીન | ૭૫૦ | ૯૫૫ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૧ | ૧૫૬૦ |
| ૨ | મગફળી | ૧૦૦૦ | ૧૦૫૨ |
| ૩ | ચણા | ૧૦૨૪ | ૧૦૩૦ |
| ૪ | તુવેર | ૧૨૮૧ | ૧૪૧૧ |
| ૫ | બાજરો | ૪૨૬ | ૫૭૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૦ | ૧૬૧૦ |
| ૨ | મગફળી મીડીયમ | ૧૨૧૦ | ૧૩૬૦ |
| ૩ | મગફળી | ૧૨૨૦ | ૧૪૫૦ |
| ૪ | જીરૂ | ૩૧૪૦ | ૪૩૨૦ |
| ૫ | ચણા | ૧૦૦૦ | ૧૦૩૦ |
| ૬ | ઘઉં | ૪૬૫ | ૫૩૫ |
| ૭ | ધાણા | ૧૪૬૦ | ૨૨૫૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૯૫ |
| ૨ | ઘઉં લોકવન | ૩૫૦ | ૪૫૪ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૩૯ | ૫૨૬ |
| ૪ | ચણા | ૯૦૦ | ૧૦૨૫ |
| ૫ | ધાણા | ૧૫૦૦ | ૨૨૧૦ |
| ૬ | ધાણી | ૧૫૦૦ | ૧૭૯૦ |
| ૭ | સોયાબીન | ૮૦૦ | ૯૮૦ |
| ૮ | મગફળી | ૧૦૯૫ | ૧૨૬૦ |
| ૯ | તુવેર | ૧૦૯૫ | ૧૪૧૦ |
| ૧૦ | એરંડી | ૧૧૨૦ | ૧૧૨૦ |
| ૧૧ | જીરૂ | ૩૫૦૦ | ૩૫૮૦ |
| ૧૨ | તલ સફેદ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૧૩ | મેથી | ૮૦૦ | ૮૦૦ |
| ૧૪ | અડદ | ૮૧૦ | ૮૧૦ |
| ૧૫ | લસણ | ૪૫૫ | ૪૫૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૩૫ | ૧૪૦૦ |
| ૨ | મગફળી | ૧૧૦૦ | ૧૨૦૫ |
| ૩ | ઘઉં | ૪૪૫ | ૪૭૧ |
| ૪ | ચણા | ૯૮૫ | ૧૦૦૦ |
| ૫ | તુવેર સફેદ | ૧૦૮૦ | ૧૫૧૫ |
| ૬ | તુવેર લાલ | ૧૩૫૦ | ૧૩૫૦ |
| ૭ | ધાણા | ૧૧૧૦ | ૧૭૧૦ |
| ૮ | રાઈ | ૧૧૫૦ | ૧૩૫૦ |
| ૯ | શીંગદાણા | ૧૩૭૫ | ૧૪૫૦ |
| ૧૦ | એરંડા | ૧૨૧૫ | ૧૨૧૫ |
| ૧૧ | સોયાબીન | ૬૦૦ | ૯૨૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ૨ | તલ સફેદ | ૧૯૦૦ | ૧૯૫૦ |
| ૩ | કપાસ | ૧૦૦૦ | ૧૫૮૫ |
| ૪ | બાજરો | ૩૩૦ | ૬૦૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૨૦ | ૫૪૦ |
| ૬ | જુવાર | ૬૦૦ | ૧૦૮૪ |
| ૭ | મગ | ૧૪૦૦ | ૨૩૨૫ |
| ૮ | તુવેર | ૧૧૦૦ | ૧૪૫૩ |
| ૯ | ચણા | ૯૦૦ | ૧૦૧૬ |
| ૧૦ | જીરૂ | ૪૫૦૦ | ૪૫૦૦ |
| ૧૧ | એરંડી | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ૧૨ | ધાણા | ૧૪૫૦ | ૧૪૫૦ |
| ૧૩ | સોયાબીન | ૭૧૧ | ૯૬૫ |
| ૧૪ | રાય | ૧૧૨૫ | ૧૧૨૫ |

# બાબરામાં નગરપાલિકા દ્વારા આયોજિત સ્વદેશી મેળાને પાલિકા પ્રમુખ દ્વારા ખુલ્લો મુકાયો






તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં અહીં પંચકુંડના મેદાનમાં નગરપાલિકા દ્વારા ભવ્ય સ્વદેશી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે તા ૨૭ થી ૫ માર્ચ સુધી આયોજિત ભવ્ય સ્વદેશી મેળા ફેસ્ટીવ કમ ફૂડઝોનમાં સ્થાનિક ઉત્પાદન કરતા વેપારીઓનો સ્ટોલ લાગ્યા છે જેમાં હેન્ડલુમ, હેંડી ક્રાફટ, સાબુ સેનિટેશન તેમજ ચકલીના માળા સ્નેડા સહિતના હાથ બનાવટની વસ્તુઓનું અહીં વેચાણ કરવામાં આવશે તેમજ ખાણી પીણીના સ્ટોલ અને બાળકો માટે ગેમઝોન સહિતના સ્ટોલ લાગ્યા છે આ સ્વદેશી લોક મેળાને નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર દ્વારા ખુલ્લો મુકવામાં આવ્યો હતો આ તકે ઉપ પ્રમુખ અંકુરભાઈ જસાણી, ચીફ ઓફિસર રવીકુમાર વેકરિયા, ભુપતભાઈ બસિયા, ધર્મેશભાઈ વાવડીયા, જિલ્લા કિસાન મોરચાના પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પરવાડીયા, હરેશભાઈ આખજા, બીપીનભાઈ રાદડિયા, અજિતભાઈ ખોખરીયા, નરૂભાઈ ત્રિવેદી, નરેશભાઈ દસલાણીયા, તાલુકા ભાજપના પ્રમુખ હિતેશભાઈ કલકાણી, મહેશભાઈ ભાયાણી, ભરતભાઈ બુટાણી, મગનભાઈ કોઠીયા, બાવકુભાઈ બસિયા, શોકતભાઈ ગાંગાણી, પ્રતાપભાઈ ખાચર, સુરેશભાઈ ભાલાળા સહિતનાં સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીમાં આઈ.ટી.આઈ ખાતે વિદ્યાર્થીનીઓ માટે સેલ્ફ ડિફેન્સ અવેરનેસ કાર્યક્રમ યોજાયો



જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, અમરેલીના માર્ગદર્શન હેઠળ ''બેટી બચાવો બેટી પઢાઓ'' યોજના અંતર્ગત અમરેલીની આઈ.ટી.આઈ. સંસ્થામાં વિદ્યાર્થીનીઓ માટે સેલ્ફ ડિફેન્સ અવેરનેસ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીનીઓમાં આત્મરક્ષણ અંગે જાગૃત્તિ લાવવા તેમજ આપત્તિ સમયે સ્વરક્ષણ માટે જરૂરી કૌશલ્ય અને માહિતી પ્રદાન કરવાનો હતો. કાર્યક્રમમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારી શૈલેષભાઈ કણઝરીયા, સિટી પોલીસ સ્ટેશન અમરેલીના એ.એસ. આઈ. મહેશભાઈ ભૂદડ, પોલીસ કર્મચારી જીજ્ઞાબહેન સરવૈયા તેમજ DHEW, PBSC, OSC સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સુપરવાઈઝર કમ ઈન્સ્ટ્રક્ટર પાર્થભાઈ ઉપાધ્યાય દ્વારા કાર્યક્રમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જિલ્લા મહિલા અને બાળ અધિકારી દ્વારા ''બેટી બચાવો બેટી પઢાઓ'' યોજના તથા સેલ્ફ ડિફેન્સ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું જીજ્ઞાબહેન દ્વારા વિદ્યાર્થીનીઓને સ્વરક્ષણ અને સુરક્ષા અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યુંહતું. તદુપરાંત, સ્પેશિયાલિસ્ટ અને કાઉન્સેલિંગ ટીમ દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ અંગે માહિતી આપવામાં આવી હતી તેમજ મહિલા સહાયતા અને સુરક્ષા માટે ઉપલબ્ધ સેવાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીનીઓમાં આત્મવિશ્વાસ વધ્યો તેમજ સ્વરક્ષણ અંગે જાગૃત્તિમાં વધારો થયો, જે મહિલાઓના સશક્તિકરણ માટે મહત્વપૂર્ણ પગલું સાબિત થશે. તેમ અમરેલી જિલ્લા મહિલા અને બાળ અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

### કોંગ્રેસના ધારાસભ્ય અમિત ચાવડાનુ નિવેદન

## ભાજપનાં ધારાસભ્યો વિધાનસભામાં પોતાના સમાજનાં હકક અધિકાર માટે કશુ બોલતા નથી

### વિવિધ બોર્ડમાં બજેટ ફાળવાય પણ ૫૦ ટકા વપરાતી નથી

અમદાવાદ, તા. ૨૭

વિધાનસભા ગૃહમાં કોંગ્રેસના ધારાસભ્યોએ જયારે સરકાર દ્વારા બજેટ ફાળવણીમાં એસ.સી., એસ.ટી., ઓ.બી.સી., Minority, સફાઈ કામદારો, દિવ્યાંગો માટેના બોર્ડ નિગમોને ઓછી ફાળવણી કરવામાં આવે છે તેનો વિરોધ કરી વોક આઉટ કરવામાં આવ્યો ત્યારે અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભાની પ્રશ્નોત્તરી દરમિયાન ફરી એકવાર ભારતીય જનતા પાર્ટીની ડબલ એન્જિન સરકાર એસસી, એસટી, ઓબીસી, માઈનોરિટી સમાજ, સફાઈ કામદાર, દિવ્યાંગ, પશુપાલક ગોપાલક, પછાત વર્ગના વિચરતી વિમુખ જાતિ સાથે ભેદભાવ કરી રહી છે. આ સમાજનું શોષણ થઈ રહ્યું છે, તેમ છતાં સરકાર કોઈપણ જાતની મદદ કરતી નથી. આ વિવિધ સમાજ વિરોધી ભારતીય જનતા પાર્ટીનો ચહેરો ખુલ્લો પડી ગયો છે.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ એસસી, એસટી, ઓબીસી અને માઈનોરિટી સમાજ માટે કાર્યરત વિવિધ બોર્ડ નિગમોને છેલ્લા બે વર્ષમાં વસ્તીના પ્રમાણમાં ખૂબ ઓછું બજેટ ફાળવવામાં આવ્યું છે અને તેમાં પણ મોટી રકમ વપરાયા વગર જ રહી ગઈ. વિધાનસભામાં સરકાર આપેલા જવાબ મુજબ ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ માટે વર્ષ ૨૦૨૪ માં રૂ. ૨૬.૬૦ કરોડ ફાળવાયા જેમાં રૂ. ૨૫.૭૦ કરોડ ખર્ચ થયા અને રૂ. ૦.૮૯ કરોડ બિનવપરાયેલ રહ્યા, જયારે ૨૦૨૫માં રૂ. ૨૮.૭૮ કરોડ ફાળવાયા જેમાં રૂ. ૨૩.૩૦ કરોડ ખર્ચ અને રૂ. ૫.૪૮ કરોડ બિનવપરાયેલ રહ્યા. ડો. આંબેડકર અનુસૂચિત જાતિ વિકાસ નિગમ (અ.જા.) માટે ૨૦૨૪માં રૂ. ૧૧.૪૦ કરોડ ફાળવણીમાંથી રૂ. ૫.૧૮ કરોડ ખર્ચ અને રૂ. ૬.૩૧ કરોડ બિનવપરાયેલ રહ્યા. જયારે ૨૦૨૫માં રૂ. ૧૧.૮૬ કરોડ ફાળવણીમાંથી રૂ. ૧૭.૦૨ કરોડ ખર્ચ અને રૂ.૦.૬૮ કરોડ બિનવપરાયેલ રહ્યા. ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમને ૨૦૨૪માં રૂ. ૭૬.૫૦ કરોડ ફાળવાયા જેમાં રૂ. ૫૫.૦૭ કરોડ ખર્ચ અને રૂ.૨૧.૪૩ કરોડ બિનવપરાયેલ રહ્યા, જયારે ૨૦૨૫માં રૂ. ૪૬.૩૦ કરોડ ફાળવાયા જેમાં રૂ.૪૧.૩૫ કરોડ ખર્ચ અને રૂ.૪.૯૪ કરોડ ટકાવારી પ્રમાણે ૨૮% બિનવપરાયેલ રહ્યા. ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ માટે ૨૦૨૪માં રૂ. ૫૭૬.૮૩ કરોડ ફાળવાયા જેમાં રૂ. ૬૫૭.૧૧ કરોડ ખર્ચ અને રૂ. ૦.૦૦ કરોડ બિનવપરાયેલ રહ્યા, જયારે ૨૦૨૫માં રૂ. ૪૪૨.૧૬ કરોડ ફાળવાયા જેમાં રૂ. ૩૯૬.૦૪ કરોડ ખર્ચ અને રૂ. ૪૬.૧૨ કરોડ બિનવપરાયેલ રહ્યા. ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમને ૨૦૨૪માં રૂ. ૨૨.૮૦ કરોડ ફાળવાયા જેમાં રૂ. ૧૩.૬૭ કરોડ ખર્ચ અને રૂ. ૯.૧૩ કરોડ બિનવપરાયેલ રહ્યા, જયારે ૨૦૨૫માં રૂ. ૧૮.૨૬ કરોડ ફાળવાયા જેમાં રૂ. ૧૦.૦૯ કરોડ ખર્ચ અને રૂ. ૮.૧૭ કરોડ, ટકાવારી પ્રમાણે ૪૦% બિનવપરાયેલ રહ્યાં.



ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ માટે ૨૦૨૪માં રૂ. ૪૧.૦૦ કરોડ ફાળવાયા જેમાં રૂ. ૨૬.૫૦ કરોડ ખર્ચ અને રૂ. ૧૪.૫૦ કરોડ બિનવપરાયેલ રહ્યા, જયારે ૨૦૨૫માં રૂ. ૪૮.૧૯ કરોડ ફાળવાયા જેમાં રૂ. ૫૨.૧૧ કરોડ ખર્ચ અને રૂ. ૦.૦૦ કરોડ, ૩૫% બિનવપરાયેલ રહ્યા.

ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને ૨૦૨૪માં રૂ. ૮૮.૧૩ કરોડ ફાળવાયા જેમાં રૂ. ૩૯.૪૦ કરોડ ખર્ચ અને રૂ. ૫૧.૭૩ કરોડ બિનવપરાયેલ રહ્યા, જયારે ૨૦૨૫માં રૂ. ૧૦૧.૭૯ કરોડ ફાળવાયા જેમાં રૂ. ૭૯.૪૭ કરોડ ખર્ચ અને રૂ. ૨૨.૩૨ કરોડ, ટકાવારી પ્રમાણે ૫૮% બિનવપરાયેલ રહ્યા.ગુજરાત વિચરતી અને વિમુકત જાતિ વિકાસ નિગમ માટે ૨૦૨૩માં રૂ. ૧૨.૯૮ કરોડ ફાળવાયા જેમાં રૂ. ૨૧.૧૫ કરોડ ખર્ચ અને રૂ. ૦.૬૫ કરોડ બિનવપરાયેલ રહ્યા, જયારે ૨૦૨૫માં રૂ. ૧૩.૧૮ કરોડ ફાળવાયા જેમાં રૂ. ૧૨.૫૩ કરોડ ખર્ચ અને રૂ. ૦.૬૫ કરોડ બિનવપરાયેલ રહ્યા. ગુજરાત ગોપાલક વિકાસ નિગમને ૨૦૨૪માં રૂ. ૨૩.૪૪ કરોડ ફાળવાયા જેમાં રૂ. ૧૧.૫૪ કરોડ ખર્ચ અને રૂ. ૧૧.૯૦ કરોડ બિનવપરાયેલ રહ્યા, જયારે ૨૦૨૫માં રૂ. ૨૭.૨૫ કરોડ ફાળવાયા જેમાં રૂ. ૨૯.૮૮ કરોડ ખર્ચ અને રૂ. ૦.૦૦ કરોડ, ટકાવારી પ્રમાણે ૫૦% બિનવપરાયેલ રહ્યા. ગુજરાત રાજય દિવ્યાંગ નાણાં અને વિકાસ નિગમ માટે ૨૦૨૪માં રૂ. ૬.૮૪ કરોડ ફાળવાયા જેમાં રૂ. ૩.૭૪ કરોડ ખર્ચ અને રૂ. ૩.૧૦ કરોડ બિનવપરાયેલ રહ્યા, જયારે ૨૦૨૫માં રૂ. ૩.૮૫ કરોડ ફાળવાયા જેમાં રૂ. ૦.૫૦ કરોડ ખર્ચ અને રૂ.૩.૩૪ કરોડ બિનવપરાયેલ રહ્યા. વિધાનસભામાં પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો કે બજેટ ફાળવવાના ધોરણો શું છે ? શું આર્થિક, સામાજિક કે શૈક્ષણિક પરિસ્થિતિના આધારે ફાળવણી થાય છે ? ઓછી ફાળવણી અને વણવપરાશ પાછળના કારણો શું છે ? બજેટમાં ફાળવાય છે પણ ૫૦% રકમ વપરાતી નથી તો એના કારણો શું છે ? ભાજપ સરકાર તરફથી વિધાનસભામાં સ્પષ્ટ જવાબ આપવામાં આવતો નથી. ફરી માંગ કરવામાં આવી છે કે ભેદભાવ અને અન્યાય બંધ કરી પારદર્શક રીતે બજેટ ફાળવણી અને ખર્ચ અંગે જવાબ આપો.

ભાજપના નેતાઓ બહુમતી વસ્તી એસસી, એસટી, ઓબીસી, માઈનોરિટી સમાજના છે.પરંતુ સમાજના હક અધિકાર રાખવામા માટે વિધાનસભામાં બોલવા પણ ઉભા થતા નથી. ભાજપના ધારાસભ્યોની એવી તો કેવી મજબૂરી છે કે, જવાબ પણ નહીં આપતા અને પોતાના વિસ્તારના લોકો અને સમાજ માટે એક શબ્દ પણ બોલવા તૈયાર નથી.

## ચલાલા પોલીસ સ્ટેશન ખાતે હોળી-ધૂળેટી શાંતિ સમિતિની બેઠક યોજાઈ



ચલાલા, તા. ૨૭

આગામી દિવસોમાં આવનારા રમજાન ઈદ તથા હોળી–ધૂળેટી જેવા પવિત્ર તહેવારોને ધ્યાનમાં રાખીને ચલાલા પોલીસ સ્ટેશન ખાતે જિલ્લા એસ.પી. સંજય ખરાતની સૂચના મુજબ શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠક પી. આઈ. રતન ગઢવીના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.

આ બેઠકમાં હિંદુ અને મુસ્લિમ સમાજના આગેવાનો તેમજ વિવિધ રાજકીય અને સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. પી.આઈ. રતન ગઢવીએ ઉપસ્થિત સૌને સંબોધતા જણાવ્યું હતું કે, તહેવારો આપણી સંસ્કૃતિ અને એકતાનું પ્રતિક છે, અને બંને સમાજના તહેવારો ભાઈચારા, શાંતિ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં ઉજવાય તે સૌની સંયુક્ત જવાબદારી છે.

તેમણે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ તંત્ર તરફથી પૂર્ણ સહકાર આપવામાં આવશે. તેવી ખાતરી આપી હતી અને કોઈપણ અફવાકે ગેરસમજને પ્રોત્સાહન ન આપવા અપીલ કરી હતી.

ઉપસ્થિત આગેવાનોએ પોલીસ તંત્રની પહેલને આવકારી ખુશી વ્યક્ત કરી હતી અને હંમેશાની જેમ આ વખતે પણ હિંદુ–મુસ્લિમ સમાજ ભાઈચારા અને એકતાથી તહેવારો ઉજવશે તેવી ખાતરી આપી હતી.

### ૨૭ ફેબ્રુઆરી, ''વિશ્વ એન.જી.ઓ. દિવસ''

## દાન એ સર્વોચ્ચ ગુણ છે અને તે મહાન માધ્યમ છે જેના દ્વારા માનવજાત પર ભગવાનની દયા થાય છે - કોનરેડ હિલટન

અમરેલી, તા. ૨૭

દર વર્ષે ૨૭મી ફેબ્રુઆરીએ ''વિ એન.જી.ઓ. દિવસ'' ઉજવાવામાં આવે છે. આ દિવસ મુખ્યત્વે તમામ બિન–સરકારી અને બિનનફાકારક સંસ્થાઓ અને તેમની પાછળનાં લોકો કે જેઓ આખું વર્ષ સમાજમાં યોગદાન આપે છે તેમને ઓળખવા અને સન્માન આપવા માટે સમર્પિત છે. પ્રથમ ''વિશ્વ એન.જી.ઓ. દિવસ'' ૨૦૧૪માં સંયુકત રાષ્ટ્ર દ્વારા મનાવવામાં આવ્યો હતો, જો કે પછીથી તેને સત્તાવાર રીતે માન્યતા આપવામાં આવી હતી. એન.જી.ઓ. એ સ્થાનિક, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે જોવા મળે છે. યુનાઈટેડ નેશન્સ ચાર્ટરની કલમ ૭૧ મુજબ એન.જી.ઓને ''સરકારી પ્રભાવથી સ્વતંત્ર અને નફા માટે નથી'' એવી કોઈપણ સંસ્થા તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. તબીબી સહાય, નાણાકીય સેવાઓ, પર્યાવરણીય સંશોધન, શૈક્ષણિક સહાય અને કટોકટી સમયે એન.જી.ઓ. વિવિધ પ્રકારની સેવાઓ પ્રદાન કરે છે. તે આર્થિક, સામાજિક, શૈક્ષિણક, રાજકીય તેવા તમામ ક્ષેત્રોમાં મહત્વનો ભાગ ભજવે છે. સહયોગ અને નવીનતા દ્વારા ઉત્તેજિત, એન.જી.ઓ. સ્વયંસેવકો દ્વારા વિકાસ કરે છે. જો કે, એન.જી.ઓ. શહેરો માટે અદભૂત રોજગાર અને આર્થિક લાભો પણ પ્રદાન કરે છે. આ દિવસ સખત મહેનત અને નિઃસ્વાર્થ સેવા પર વિચાર કરવાની તક આપે છે. વર્તમાન સમયમાં લાખો સ્વયંસેવકો, સામાજિક કાર્યકરો સમાજને તેમની સેવાઓ પ્રદાન કરે છે અને એક સ્વસ્થ સમાજનાં નિર્માણમાં મહત્વનો ફાળો આપે છે. કોરોના મહામારીનાં સમયે, લોકડાઉન વખતે પણ જયારે આખો દેશ શાંત હતો ત્યારે એન.જી.ઓ. જ હતાં જે પૂર્ણપણે સક્રિય હતાં અને સમાજ સેવા તરફ અગ્રેસર હતાં. આવી સંસ્થાઓ નિઃસ્વાર્થ ભાવે લોકોની સેવામાં સતત કાર્યરત હોય છે અને આ રીતે દેશનાં વિકાસમાં મદદરૂપ થાય છે.




**– મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

### ઇન્ચાર્જ પીઆઇ ગોહિલના અધ્યક્ષ સ્થાને

## વડિયા પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

### હોળી,ધુળેટી અને રમજાન મહિનાની બેઠક યોજાઈ



વડીયા, તા. ૨૭

ભારત બિનસાંપ્રદાયિક દેશ હોવાના નાતે તમામ ધર્મના લોકો પોતાના પોતાના ધર્મના તહેવાર ઉજવાતા હોય છે. ત્યારે હાલ મુસ્લિમ ધર્મનો પવિત્ર રમજાન મહિનો ચાલુ હોય તો બીજી બાજુ હિન્દૂ ધર્મનો હોળી ધુળેટીનો તહેવાર આવતો હોવાથી વડિયામાં સુલેહ શાંતિ જળવાઈ રાહે અને બંને ધર્મના લોકો કાયદાની મર્યાદામાં રહીને પોતાના ધર્મના તહેવારની ઉજવણી કરે તેવી સૂચનાઓ અને માર્ગદર્શન વડિયાના ઈન્ચાર્જ પીઆઈ પી ડી ગોહિલ દ્વારા આપવામાં આવ્યુ હતુ. આ બેઠકમાં હિન્દૂ મુસ્લિમ બંને ધર્મના આગેવાનો સરપંચ મનીષ ઢોલરીયા, શૈલેષ ઠુંમર, અનિ મેહતા, ચેતન દાફડા, અકીલ પઠાણ, જુનેદ ડોડીયા, અલ્તાફ મોગલ સહીતના આગેવાનો હાજર રહ્યા હતા અને બંને ધર્મના આગેવાનોએ વડિયામાં કાયમી કોમી એકતા બની રાહે છે તે મુજબ જ તહેવારો ભાઈચારાથી ઉજવવાની ખાત્રી આપી હતી.

### પી.આઈ. સાળુકેના અધ્યક્ષ સ્થાને

## લીલીયા મોટા પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક મળી

### સરપંચ સહિતનાં આગેવાનો જોડાયા



અમરેલી, તા. ૨૭

લીલીયા મોટા પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક લીલીયા પોલીસ સ્ટેશનના પી.આઈ એમ.ડી.સાળુંકેના અધ્યક્ષ સ્થાને મળી જેમાં આવનાર તહેવાર હોળી, ધુળેટી, રમજાન ઈદ જેવા તહેવારોને લઈ શાંતિ સમિતિની બેઠક મળી તહેવાર શાંતિમય વાતાવરણમાં અને કોમી એકતાને ભાઈ ચારાથી ઉજવાય અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેવા શુભ હેતુથી શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવેલ આ બેઠકમાં બંને સમાજના આગેવાનોની વિશેષ ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ આ તકે સરપંચ વિજયભાઈ શેખલિયા, ભનુભાઈ ડાભી, જીવનભાઈ વોરા, નીતિનભાઈ ત્રિવેદી, બાબુભાઈ ધામત, ખોડાભાઈ માળવિયા, કનુભાઈ ગોહિલ, રમેશભાઈ પરમાર, મુસ્તાક બેલીમ, સયદૂબાપુ કાદરી, ઘનશ્યામ મેઘાણી, કેપ્ટન ધામત, રૂપેશ ભરવાડ સહિતના બંને સમાજના આગેવાનો ઉપસ્થિત રહેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### બાળકોમાં મેદસ્વિતા આવે નહિ તે માટે તકેદારીનાં પગલા ભરો

## અમરેલી : બાળકોનો સ્ક્રીન ટાઈમ ઓછો કરવો અને આઉટડોર રમત તેમજ વ્યાયામ માટે પ્રોત્સાહિત કરવા

### ખાનપાન, જીવનશૈલીમાં પરિવર્તન કરી મેદસ્વિતા મુકત થઈ શકાય

અમરેલી, તા. ૨૭

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનના પગલે રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં 'સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુકત ગુજરાત' અભિયાન વેગવંતુ બન્યું છે. આ અભિયાનનો હેતુ નાગરિકોને સ્વસ્થ જીવનશૈલી તરફ દોરી જવાનો અને મેદસ્વિતાના કારણે થતી સમસ્યાઓથી મુકત કરાવવાનો છે.સ્વસ્થ જીવન શૈલી અપનાવી જનજન સુધી આ સંદેશો પ્રસરાવવા માટે કેટલાક સૂચનો કરવામાં આવ્યા છે. મેદસ્વિતા અને વધુ પડતો વજન એ આરોગ્ય માટે જોખમી સાબિત થઈ શકે છે. જો કે, તકેદારીના પગલાં ભરવાથી મેદસ્વિતાનું નિવારણ લાવી શકાય છે. ખાસ કરીને બાળકોમાં મેદસ્વિતા આવે નહિ તે માટે તકેદારીના પગલાં ભરવા જરૂરી છે. બાળકો, મહિલાઓ અને યુવાનો પુરૂષો સૌ કોઈ ખાનપાન, જીવનશૈલીમાં પરિવર્તન કરી મેદસ્વિતા મુકત થઈ શકે છે. ટેકનોલાજીના એડવાન્સમેન્ટ સાથે બાળકો પણ હાઈટેક ઉપકરણોનો ઉપયોગ કરી રહ્યા છે, જેના કારણે બાળકોનો સ્કિન ટાઈમવધી રહ્યો છે. ડિજિટલ ઉપકરણોના ફાયદા સામે કેટલાક ગેરફાયદા છે અને તેમાંનો એક ગેરફાયદો વ્યાયામ અને આઉટડોર રમતોનું પ્રમાણ ઘટી રહ્યું છે જેના કારણે બાળકોનો સ્કિન ટાઈમ વધી રહ્યો છે. માતાપિતાએ બાળકોમાં મેદસ્વિતા આવે નહિ તે માટે તેમનો સ્કિન ટાઈમ ઓછો કરી અને રમતગમત માટે પ્રોત્સાહિત કરવા જોઈએ.મેદસ્વિતા માટે ખાનપાન પણ ખૂબ જવાબદાર છે. ઝડપી જીવનશૈલીમાં પેકેજડ અને પ્રોસેસ ફૂડનું પ્રમાણ વધી રહ્યું છે. તાજો અને પૌષ્ટિક આહાર વિસરાઈ રહ્યો છે. કુમળી વયે બાળકોમાં પેકેજડ ફૂડનું વળગણ ન થાય તે માટે તેમને રોજિંદા આહારમાં તાજો અને પેષ્ટિક આહાર આપવો જોઈએ.તાજા ફળો અને શાકભાજીમાં વિટામીનનો ભરપૂર સ્રોત હોય છે, જે રોજિંદા જીવનમાં આવશ્યક છે. બાળકોમાં ફળોની આદત કેળવી શકાય તે માટે તેમને મનગમતા ફળો ખવડાવવા જોઈએ જેનાથી તેમની ન્યુટ્રિશનની માંગ પણ પૂરી થઈ શકે અને તેમનો સર્વાંગી વિકાસ થાય.જીવનશૈલી પરિવર્તનમાં ખાનપાન મહત્વનું અંગ છે, મેંદાવાળી ચીજવસ્તુઓ, મીઠાઈઓ, નાસ્તાના પેકેટ તેમજ કોલ્ડ્રિક્સ સરળતાથી ઉપલબ્ધ થઈ જાય છે, પરંતુ તે આરોગ્યપ્રદ નથી. બાળકોના




સર્વાંગી શારીરિક વિકાસ અને આરોગ્ય માટે તેમને જંકફૂડ ન આપવું જોઈએ. મેદસ્વિતા–જાડાપણા અંગે અગમચેતી એ જ સલામતી છે. મેદસ્વિતાના કારણે નોન કોમ્યુનિકેશન ડિસિઝનો સામનો કરવો પડી શકે છે. મેદસ્વિતા અંગેની જાણકારી માટે ઊંચાઈ અને વજન સાથે બોડી માસ ઈન્ડેક્સ (બીએમઆઈ)ના પરિમાણનો આધાર લેવા માટે આવે છે. નજીકના આરોગ્ય કેન્દ્ર પર વજન અને ઊંચાઈ માપી શકાય છે.

## અમરેલી જીલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીના જન્મ દિવસની ઉજવણી



અમરેલી, તા. ૨૭

ભારતીય જનતા પાર્ટી અમરેલી જીલ્લાના પ્રમુખ અતુલભાઈ ભીખુભાઈ કાનાણી વતન પ્રેમપરા – ધારી વર્ષોથી પક્ષ માટે સમર્પિત ભાવે સક્રિય રહ્યા છે, વિધાર્થી કાળથી લઈ યુવા મોરચો, મંડળ પ્રમુખ, જીલ્લામાં અલગ – અલગ જવાબદારી નિભાવી હાલ અમરેલી જીલ્લા ભાજપ પ્રમુખનું પદ સંભાળી રહ્યા છે.

આજ તા. ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ અતુલભાઈ કાનાણીના ૪૮માં જન્મ દિવસની અમરેલી જીલ્લા ભાજપના હોદેદારો, આગેવાનો તેમજ મંડળ સ્તરે કાર્યકરો દ્વારા વિવિધ સેવા કર્યો કરી અનોખી ઉજવણી કરવામાં આવી હતી.

જીલ્લાના મુખ્ય મથક અમરેલી ખાતે શ્રમિક વસાહતના બાળકોને ફ્રુટ વિતરણ કરવામાં આવ્યું, કામધેનું બીમાર ગાયોની ગૌશાળામાં ગાયોને લીલું ઘાસ નાખવામાં આવ્યું, જરૂરિયાત મંદ બાળકોને ચોપડા વિતરણ કરવામાં આવ્યું, ઝુપડપટ્ટીના બાળકોને દાબેલી – ચોકલેટ ખવડાવી ખુશી વહેચવામાં આવી.

### અમરેલી ખાતે ચાલતા ARYA પ્રોજેક્ટ અંતર્ગત

## જૂનાગઢ ખાતે એક્ષપોઝર વિઝીટનું આયોજન કરવામાં આવ્યું

### ખાનપાન, જીવનશૈલીમાં પરિવર્તન માટે મેદસ્વિતા મુક્ત થઈ

અમરેલી, તા. ૨૭

અમરેલી ICA હસ્ત ARYA પ્રોજેક્ટ ૨૦૧૫–૧૬માં શરૂ કરવામાં આવેલી એક પહેલ છે. જેનો ઉદ્દેશ્ય ગ્રામીણ યુવાનોને કૃષિ–આધારિત વ્યવસાયો તરફ આકર્ષિત કરીને, તેમને કૃષિ વિજ્ઞાન કેન્દ્રો (KVKs) દ્વારા તાલીમ અને ટેકનિકલ સપોર્ટ આપીને સ્વરોજગાર માટે સક્ષમ બનાવવાનો છે. આ સંદર્ભે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલીના વરીષ્ઠ વૈજ્ઞાનીક અને વડા ડો. મિનાક્ષી કે બારીયાનાં માર્ગદર્શન હેઠળARYA પ્રોજેક્ટ ઈન્ચાર્જ ડો. નેહા તિવારી દ્વારા જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, ખાતે એક્ષપોઝર વિઝીટનું આયોજન કરવામાં આવ્યું. આ વિઝીટમાં કરજાળા ગામનાં ૪૭ ખેડૂતભાઈ અને બહેનોએ ભાગ લીધો. વિઝીટમાં કૃષિ ઈજનેર કોલેજ, જુકૃયુ, જુનાગઢના રિન્યૂએબલ એન્જિનિરીંગ વિભાગના વડા ડો.મહેન્દ્ર એસ. દુલાવત (પ્રોફેસર) દ્વારા સોલર ઉર્જા દ્વારા સંચાલિત વિવિધ યંત્રોનું નિદર્શન આપવામાં આવ્યુ આ સાથે પ્રોસેસ એન્ડ ફૂડ એન્જિનિરીંગ વિભાગના ડો. બંસી એમ. દેવાણી મદદનીશ પ્રાધ્યાપક દ્વારા ખેતી પેદાશોમાં જુદી–જુદી પ્રોસેસિંગ તકનીક તથા મશીનો અપનાવીને મૂલ્યવર્ધન કરવાની પ્રકીયા વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું અને વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી હસ્તક ચાલતા સરદાર સ્મૃતિ કેન્દ્રની મુલાકાત કરવામાં આવી. આ પ્રવાસથી ખેડૂતોને ખૂબ જ સંતોષ થયો.



## એક મહિનામાં દેશી દારૂ પીવાથી ગૃહકંકાસ થતાં ૨ યુવકોએ આત્મહત્યા કર્યાનાં આક્ષેપ સાથે ગ્રામજનો એકત્ર થયા

# બાબરાનાં કલોરાણાનાં ગ્રામજનો દેશી દારૂનાં દુષણથી ત્રાહીમામ

સમસ્ત ગ્રામજનોએ એકી સાથે સંકલ્પ કર્યો કે દેશી દારૂનું સેવન, વેચાણ સામે એક થઈને લડવુ

ગાંધીનાં ગુજરાતનાં ગ્રામ્ય વિસ્તારમાં દેશી દારૂ સામે સમસ્ત ગ્રામજનોને એકત્ર થવાનાં દિવસો આવ્યા

સ્થાનિક કક્ષાએ અનેકવાર રજૂઆત કરી છતાં કોઈ કાર્યવાહી ન થયાનો ગ્રામજનોનો આક્ષેપ

વિશાળ પોલીસતંત્ર સમગ્ર જિલ્લામાંથી દારૂનાં દુષણને ડામી દે તો બહેનોનાં આશીર્વાદ મેળવશે



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૭

બાબરા તાલુકાના કલોરાણા ગામે બાપાસીતારામનાં ઓટા પાસે આખું સ્વયં ભેગુ થયું. દારૂ અને દારૂડિયાથી કંટાળીને ગામનાં યુવાનો, મહિલાઓ અને ગામના વડીલોએ મહત્વનો નિર્ણય લીધો હતો. કલોરાણા ગામમાં કોઈએ દારૂ પીવો નહી, કોઈએ દારૂ વેચવો નહી તેના પર મહત્વનો નિર્ણય લીધો હતો.

વિગત એવા પ્રકારની છે કે, છેલ્લા એક મહિનામાં કલોરાણા ગામમાં બે યુવકોનાં મૃત્યુ થયા જેના કારણે યુવા અવસ્થામાં મહિલાઓ વિધવા થઈ રહી છે અને બાળકોને પિતાની છત્રછાયા ગુમાવવી પડે છે. જેથી કરી કલોરાણા ગામના લોકો દારૂના દુષણથી કંટાળી ગયા. આખુ ગામ બાપાસીતારામના


અનુસંધાન પાના ૬ ઉપર

### મૃતક યુવકનાં પિતાએ કર્યો ખુલાશો

## કલોરાણા ગામનાં મૃતક યુવકો દારૂ પિતા ન હતા : પરિવારજનો

ગ્રામજનોએ જાણકારી વગર ગ્રામસભા બોલાવી હોવાનો મૃતકના પિતાએ ખુલાશો કર્યો





અમરેલી, તા. ૨૭

બાબરાનાં કલોરાણા ગામનાં ૨ યુવકોએ દારૂનાં દુષણથી ગૃહકંકાસ થતાં આત્મહત્યા કરી લીધાનાં ગ્રામજનોનાં આક્ષેપ વચ્ચે બંને મૃતક યુવકનાં પિતાએ એક વિડીયો બનાવીને જાહેર કર્યુ કે અમારો પુત્ર દારૂ પીતો ન હતો.

વધુમાં જણાવ્યું કે, ગ્રામજનોએ અમોને વિશ્વાસમાં લીધા વગર ગ્રામસભા બોલાવીને ખોટો આક્ષેપ કરેલછે. આત્મહત્યા પાછળ દારૂનું દુષણ જવાબદાર નથી કારણે બંને યુવકોએ કયારેય દારૂ પીતા ન હતા.

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

### ગામમાં છેલ્લા દોઢ મહિનામાં ૨ વ્યકિતઓએ આપઘાત કરેલ અને તેના કારણો અલગ હતા

## બાબરાનાં કલોરાણા ગામે વાયરલ થયેલ મહિલાનાં વિડીયો બાબતે પોલીસ વિભાગે દૂધનું દૂધ ને પાણીનું પાણી કર્યુ

એકે મંડળીમાંથી લોન લેતા પતિ-પત્ની વચ્ચે માથાકુટ થતા અને બીજા વ્યકિતને હીરા ઘસવાનું કામ ગમતું ન હોવાથી ઝેર પીધાનો થયો ખુલાસો

બાબરા, તા. ૨૭

બાબરા તાલુકાના કલોરાણા ગામે ગઈ તા. ૨૬/૨/૨૦૨૬ના રોજ રાત્રીનાં આશરે સાડા નવેક વાગ્યે કલોરાણા ગામના આશરે ૧૦૦થી ૧૫૦ ગ્રામજનો એકઠા થયેલ અને ગ્રામજનો ધ્વારા ગામમાં દારૂ વેચાણની પ્રવૃતિ બંધ કરાવવા અને જે વ્યકિત દારૂ પીતો પકડાય તેને મહિલાઓએ પકડવા અને છેલ્લા દોઢેક મહિનાનાં કલોરાણા ગામનાં બે વ્યકિત ધ્વારા આપઘાત પણ આ દારૂ

અનુસંધાન પાના ૬ ઉપર

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,45,300/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૭/૦૨/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catering service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર મેગાસીટીમાં થતા ફુવારા પદ્ધતિ (TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજીથી
મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા) મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
અમરેલી જીલ્લામાં સૌ પથમવાર Cash-less Hospital
નીચેની તમામ કંપનીના વીમાધારકોનાં આંખનાં તમામ ઓપરેશનો જેમકે મોતિયો (ઉચ્ચ નેત્રમણી) સાથે, વેલ, ઝામર, નાસુર વગેરે તદન ફ્રી (કેશ લેસ) કરી આપવામાં આવશે.
ડો.અભિષેક ઠાકર આંખના સર્જન
ડો.સોનલબેન ઠાકર ડેન્ટલ સર્જન
ડો.હર્ષિત ઠાકર
દ્રષ્ટિ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
રોયલ કોમ્પ્લેક્ષની બાજુમાં ચિત્તલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭, ૨૩૩૫૬૫

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો.કલ્પેશ બજાણિયા ઓર્થો એન્ડ સ્પાઈન સર્જન
મણકા તથા કરોડરજ્જુની સર્જરીનાં નિષ્ણાંત
તા.૨૮/૦૨/૨૦૨૬, શનિવારે, સવારે ૧૦ થી ૧૨
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪
ડોકટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડ્યા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
- Business Development Manager Experience : 1-2 Years
- Senior Accountant - 1 Experience : 1-2 Years (Male)
- Junior Finance Officer - 1 Experience : 1-2 Years (Male)
- Parlour Manager - 1 Experience : 1-2 Years
- Cashier - 1 Experience : 1-2 Years
- Sales Coordinator - 2 Experience : 1-2 Years
Location : Amreli
hrscpl1987@gmail.com
+91 95109 59957

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)